
# અંકુર

મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા

## વાર્ષિક અહેવાલ ૨૦૧૯-૨૦૨૦


અભિવાદન

Ankur Special School for
Mentally Retarded Children

ભાવનગર

ભાવેણાને ગૌરવાન્વિત કરનાર આપના સત્કાર્ય માટે
कर्मण्येवाधिकारस्ते
સ્વરૂપે આપના યોગદાન બદલ સન્માન સહ ઋણ સ્વીકાર...

ડો. નલિન પંડિત
સંયોજક

સત્કાર્ય સન્માન સમિતિ

ભાવનગર

શિશુવિહાર, ભાવનગર - ૧-૨-૨૦૨૦












# અમારી વિકાસ યાત્રા

પરાવલંબન થી સ્વાવલંબન તરફ...

# બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ



શ્રી અનંતરાય કે. શાહ
(બાબાભાઇ)
મેનેજીંગ ટ્રસ્ટી




શ્રી શશીકાન્તભાઇ આર. વાઘર
પ્રમુખ



શ્રી વિનોદરાય એન. હકાણી
ઉપ પ્રમુખ



શ્રી અલ્પેશભાઇ કે. શેઠ
માનદ્ મંત્રી



શ્રી પ્રકાશભાઇ એન. દેસાઇ
ટ્રસ્ટી



શ્રી રાજેશભાઇ એન. હકાણી
ટ્રસ્ટી



શ્રી ઉદયભાઇ એચ. ભટ્ટ
ટ્રસ્ટી



શ્રી દેવેન્દ્રભાઇ આર. શેઠ
ટ્રસ્ટી

*Encouraging Leadership*

COMMITMENT TO EXCELLENCE

# અમારી વિકાસ યાત્રા

પરાવલંબન થી સ્વાવલંબન તરફ...

**૨૩મો વાર્ષિક અહેવાલ વર્ષ ૨૦૧૯-૨૦૨૦**

# અંકુર મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા



| | | |
|---|---|---|
| માર્ગદર્શન | : | શ્રી વિનોદ હકાણી |
| સંપાદન | : | શ્રી આરીફ જેઠવા |
| સંકલન | : | શ્રી મેઘજીખાન સાયબાણી |
| | | શ્રી નેહલબેન ગઢવી |
| હિસાબી અહેવાલ | : | શ્રી વિનુભાઇ રાઠોડ |
| | | શ્રી પ્રમોદભાઇ ગાંધી |
| ગ્રાફિકસ | : | શ્રી મયુરભાઈ રાઠોડ |

**VISION:**

To bring wellness in the life of mentally retarded children to enable them to become self dependent and socially participative.

**MISSION:**

To bring about improvement in the life of mentally challenged children and nurture and energize them by providing a wide range of unique vocational training, practical learning and qualitative services which may empower them to meet their special needs

**LEGAL STATUS :**

❖ Trust Register No. E-459 Date : 25-01-1980

❖ R.P.D. Act 2016 Register No. 72/97

❖ National Trust Register No. GANK/15510466624 Date : 13/02/2017

❖ PAN No. AAATA2757Q

❖ Foreign Contribution Regulation Act Register No. 041980062 Date. : 27/01/2009

❖ Donation is tax free under Section 80G of the Income Tax Act
No. DIT(E)/80G(5)/1090/0607

---

'Ankur' Special School for Mentally Retarded Children
Plot No. 1945, Nr. Working Women's Hostle, Sardarnagar Circle,
Bhavnagar - 364 002 (Gujarat - India)
Phone: (0278) 2566956 / 2573038
E-mail : info@ankurschool.org
ankurmrschool.bvn@gmail.com
Visit us : www.ankurspecialschoolbhavnagar.org
http://www.facebook.com/ankurmrschool
https://www.youtube.com/watch?v=aKoSCNbF5TE

---

Shri Alpeshbhai Sheth (Hon. Secretary) Mo. 9925537878
E-mail : alpesh7878@gmail.com
Shri Devalbhai Shah (Hon. Treasurer) Mo. 9979846363
E-mail : devalshah231263@gmail.com

# શબ્દ યાત્રા...

સંસ્થા પરિવાર ના સર્વે કાર્યકર્તાઓ, સ્ટાફ મેમ્બર્સ, સ્ટેક હોલ્ડર્સ તથા લાભાર્થીઓ ના અભિવાદન સાથે અંકુર ના બોર્ડ ઓફ ટ્રસ્ટી વતી વર્ષ ૨૦૧૯-૨૦ નો વાર્ષિક વૃત્તાંત આપની સમક્ષ મુકતા આનંદ થાય છે.

કોવિડ ૧૯ ની વૈશ્વિક મહામારી ને લીધે સમગ્ર વિશ્વ ઘેરા સંકટ નો સામનો કરી રહ્યુ છે ત્યારે સંસ્થા તો તેમાંથી કઈ રીતે મુકત રહી શકે ?

માર્ચ મહિનાથી લાગુ પડાયેલ લાંબા લોકડાઉન અને અનલોક પછી પણ કોરોના વાયરસ ના વધતા જતા સંક્રમણ ને લીધે સંસ્થાની કામગીરી તથા દાનનો પ્રવાહ અવરોધાયો છે.

વર્ષ દરમ્યાન થયેલ મલ્ટીડાયમેન્શનલ એકટીવીટી નો ચિતાર અત્રે આલેખેલ છે જેમાં મુખ્યત્વે એડલ્ટ વોકેશનલ સેન્ટર માટે નવા ફલોરનું પૂર્ણ થયેલ બાંધકામ છે.

મર્યાદિત જગ્યા અને એડમિશનની વધતી જતી ડીમાંડ ને ધ્યાનમાં રાખી માનનિય શ્રી પ્રકાશભાઈ દેસાઈ તથા માનનિય શ્રી બાબાભાઈની રાહબરી હેઠળ દાતાઓના સહયોગ અને સૌના સહિયારા પ્રયાસ થી મુશ્કેલીમાં અટવાયેલ આ મોટો પ્રોજેકટ વિલંબ સાથે પૂર્ણ થયો અને જાન્યુઆરી માં મંગલ ઉદ્‌ઘાટન સાથે વ્યાવસયિક તાલીમની દિશા ખુલી.

માનદ્ મંત્રીશ્રી ધંધુકિયા દ્વારા પાછલા વર્ષોમાં આઈ.ટી.સી. ની ઘનિષ્ટ તાલીમ દ્વારા શિક્ષકોને પ્રશિક્ષિત કરવા કરેલ આયોજન અત્યારે ઉપયોગી સાબિત થયુ છે. કોરોનાને કારણે લાંબા સમયથી પ્રત્યક્ષ શિક્ષણકાર્ય બંધ રહેતા ઓનલાઈન એજયુકેશન, સોશ્યલ પ્લેટફોર્મ દ્વારા ઈલર્નિંગ ના માધ્યમથી બાળકોને ઘેરબેઠા તાલીમ આપવાનો શિક્ષકોએ પ્રશસ્ય પ્રયાસ કર્યો છે.

અંકુર સાધના ક્ષેત્ર છે. અહીં કામ કરનાર પ્રત્યેક નુ કર્મ ઉપાસના બની જાય છે. શાળા બંધ હોવા છતાંય શિક્ષક તેના વર્ગના બાળકો સાથે મોબાઈલ, ટેબલેટથી જોડાઈ રહ્યા અને તેમને સતત માર્ગદર્શન આપતા રહ્યા.

કોરોનાના સંદર્ભમાં સરકારની ગાઈડ લાઈનનું પાલન કરવામાં આવ્યુ. આખા કેમ્પસમાં સેનિટાઈજેશન થયુ, જરૂરિયાતમંદ ૮૦ બાળકોને રેશનની કિટ આપવામાં આવી, સરકારશ્રી તરફથી ૧૩૩ દિવ્યાંગો ને રૂા.૧૫૦૦/- મુજબ આર્થિક સહાય મળી.

હાંસિયામાં જીવતા આ મનોદિવ્યાંગ બાળકોના સામાજિકરણ, લોકભાગીદારી, ઈન્કલ્યુઝન અને અવેરનેસ ના ઉદ્દેશથી સમગ્ર વર્ષ દરમ્યાન પ્રમુખ ઉત્સવો નુ આયોજન થયુ.

માનનિય શ્રી મફતભાઈ જૈફ વયે પણ સંસ્થામાં સક્રિય રસ લઈ રહ્યા છે તે અમારુ સૌભાગ્ય છે યુવાન અને ઉત્સાહી ટ્રેઝરર શ્રી દેવલભાઈ જે. શાહ, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી વિનુભાઈ હકાણી અન્ય કેટલીય જવાબદારી વચ્ચે પણ અંકુર સાથે પુરા પ્રવૃત્ત છે. તેમનો તથા સૌ કમિટિ મેમ્બર્સનો આભાર.

અંકુરની ફિલાન્થ્રોપીક યાત્રાના પથિકો છે માનદ્ સેવા આપતા કટિબધ્ધ અને પ્રતિબધ્ધ ટ્રસ્ટીઓ, સમર્પિત અને શિક્ષિત સ્ટાફ પરિવાર, પેરન્ટબોડી પી.એન.આર સોસાયટી, દીર્ઘદ્રષ્ટા શ્રી બાબાભાઈ, સ્વ.શ્રી નટવરભાઈનો શુન્યાવકાશ પુરી દેનાર માનનિય શ્રી પ્રકાશભાઈ દેસાઈ, ઉદાર દાતાશ્રીઓ, વોલિન્ટીયર્સ, દ્રશ્ય-અદ્રશ્ય અનેક હાથો અને ઈશ્વરના આશિર્વાદ.

સંસ્થા સૌ પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરે છે. સંસ્થાના પ્રત્યક્ષ દર્શન માટે આપ સૌ આમંત્રિત છો. આપના વિચારો-સુચનો-પ્રતિભાવની અમને રાહ રહેશે.

અસ્તુ...

| શશીકાન્તભાઈ આર. વાઘર<br>પ્રમુખ | અલ્પેશભાઈ કે. શેઠ<br>માનદ્ મંત્રી (એડમિન) | ડી. જે. ધંધુકિયા<br>માનદ્ મંત્રી (એકેડેમિક) |
|---|---|---|



‘અંકુર’ મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળાના અનન્ય, અસામાન્ય, અલૌકિક બાળકો આપને આવકારે છે.

# માહિતી ક્રમ


| | | |
|---|---|---|
| ● | **'અંકુર'...** અમારી વાત... | |
| ૧. | એકેડેમિક હાઈલાઈટ્સ વીથ આઇ.સી.ટી. | ૦૮ |
| ૨. | વિવિધ થેરાપીઓ અને મેડિકલ કેમ્પ | ૧૨ |
| ૩. | કેપેસીટી બિલ્ડીંગ : વર્કશોપ્સ, સેમીનાર્સ, કેમ્પ્સ, એજ્યુકેશનલ વિઝીટસ્, નોલેજ શેરીંગ | ૧૬ |
| ૪. | મિટીંગ્સ | ૧૮ |
| ૫. | એડલ્ટ વોકેશનલ એન્ડ ઈન્ડીપેન્ડેન્ટ લીવીંગ સેન્ટર | ૧૯ |
| ૬. | અમારા નવા સોપાનો | ૨૦ |
| ૭.૧ | ઉત્સવોની ઉજવણી | ૨૩ |
| ૭.૨ | રમત ગમત અને સાંસ્કૃતિક | ૩૧ |
| ૭.૩ | ઘટનાઓ સિદ્ધિઓ તથા પ્રસંગો | ૩૩ |
| ૮. | વિવિધ પ્રોજેકટ | ૩૭ |
| ૯. | નેશનલ ટ્રસ્ટ - ન્યુ દિલ્હી | ૩૮ |
| ૧૦. | ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ | ૩૯ |
| ૧૧. | માનવંતા મુલાકાતીઓ | ૪૧ |
| ૧૨. | આર્થિક સહયોગ | ૪૩ |
| ૧૩. | **'અંકુર'** પરિવાર | ૪૫ |
| | ● દિવ્યાંજલી | ૪૮ |
| | ● દાનની અપીલ | ૪૯ |
| | ● સંસ્થાની જરૂરિયાત | ૫૦ |
| | ● ઓડિટ રીપોર્ટ | ૫૨ |




Ankur Special School for Children with Intellectual & Developmental Disability

# અંકુર... અમારી વાત...

'અંકુર'ના અંકુરણથી વટવૃક્ષ સુધીની વિકાસાત્રાનો આ એક પડાવ છે. અંકુર એક વિશિષ્ટ શાળા છે, જે માનસિક દિવ્યાંગો માટેનો મુકામ છે. અહીં આવા વિશિષ્ટ બાળકોની દેખભાળ, તાલીમ અને શિક્ષણ દ્વારા તેનામાં રહેલી સંભાવનાઓ અને સુષુપ્ત ક્ષમતા પારખી તેને મહત્તમ રીતે વિકસાવવાનો પ્રયાસ થાય છે. સાથે તેમની સામાજિક સ્વિકૃતિ, સમરસતા અને તેમના કૌશલ્ય તથા ક્ષમતાનુસાર તે આર્થિક રીતે પગભર થાય ત્યાં સુધીની પ્રક્રિયા પરિપૂર્ણ કરવાનો ઉદ્દેશ્ય પાર પાડવામાં આવે છે. આ વિકાસયાત્રા ફક્ત અંકુરની જ નથી પરંતુ તેની સાથે સંલગ્ન બાળકો, વાલીઓ, શિક્ષકગણ, દાતાઓ અને સંસ્થા સાથે જોડાઈને સીધી યા આડકતરી રીતે મદદરૂપ થનાર એ તમામ લોકોની પણ છે. દર વર્ષે બાળકો અને વાલીઓ અંકુર દ્વારા કંઈક પામે છે, જેનો અમને પૂરેપૂરો વિશ્વાસ છે. આ કાર્યો દ્વારા અંકુર પરીવાર પણ એક સંતોષની પરિતૃપ્તિ અનુભવે છે. આ વિકાસ યાત્રાને વધુને વધુ શ્રેષ્ઠ બનાવવા માટેનું મનોમંથન અને આત્મખોજ તો અવિરત ચાલુ જ હોય છે ત્યારે આપના અમૂલ્ય સૂચનો આપશો તો આ વિકાસયાત્રા વધુ ઉત્તમ બની રહેશે.

અસ્તુ...

## :: વિદ્યાર્થીઓની સંખ્યા ::

| વર્ષ | છોકરાઓ | છોકરીઓ | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૭ - ૨૦૧૮ | ૧૨૪ | ૫૪ | ૧૭૮ |
| ૨૦૧૮ - ૨૦૧૯ | ૧૩૧ | ૪૯ | ૧૮૦ |
| ૨૦૧૯ - ૨૦૨૦ | ૧૩૩ | ૪૩ | ૧૭૬ |

ટોચ મર્યાદા - ૧૨૫ ડ્રોપ આઉટ રેશીયો - ૨%




# ૧. એકેડેમિક હાઈલાઈટ્સ વિથ આઇ.સી.ટી.



- શાળામાં વર્ષ ૨૦૧૭ થી સામાન્ય કરીકયુલમ તથા મંદબુદ્ધિ બાળકોના વિશિષ્ટ કરીકયુલમ ને સંમિલિત કરીને બાળકોને ગૃપ પ્રમાણે ધોરણ ૧ થી ૫ માં વહેચીને પધ્ધતિસરની તાલીમ આપવામાં આવે છે અને આ તાલીમ આપવામાં ટેકનોલોજી નો મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે.

- શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન ઇન્કલુઝીવ એજયુકેશન હેઠળ તાલીમ મેળવતા શાળાના ૪ બાળકોમાંથી ૩ બાળકોએ S.S.C. બોર્ડ ની એકઝામ પ્રથમ પ્રયત્ને પાસ કરેલ છે જે સંસ્થા માટે ખુબ જ ગૌરવ ની બાબત છે.
- મંદબુદ્ધિ બાળકો પણ ગ્લોબલ સીનારીઓ સાથે તાલ મેળવી શકે, આધુનિક ટેકનોલોજી થી પરિચીત થાય અને સરળતાથી સામાન્ય પ્રવાહમાં ભળી શકે તેવા આશયથી બાળકોને શાળામાં વધુમાં વધુ ટેકનોલોજી જેમ કે કમ્પ્યુટર, ટેબલેટ, સ્માર્ટ બોર્ડ તથા ઇ-લર્નિંગ દ્વારા તાલીમ આપવામાં આવે છે.
- અત્રે ખાસ ઉલ્લેખનિય છે કે વર્તમાન સમયમાં કોરોના મહામારી ના કારણે જયારે સામાન્ય શાળાઓ બંધ છે અને ઓનલાઇન શિક્ષણ આપવામાં આવી રહયુ છે અને જેમા આઇ.સી.ટી. નો ઉપયોગ થાય છે ત્યારે અંકુર તો એક વિશિષ્ટ શાળા હોવા છતા વર્ષ ૨૦૧૬ થી આઇ.સી.ટી. નો મહત્તમ ઉપયોગ કરી બાળકોને તાલીમ આપી રહયુ છે. જે શાળા માટે ગૌરવની વાત છે અને જેનો શ્રેય શાળાના માનદ્મંત્રી શ્રી ડી. જે. ધંધુકીયા સાહેબને જાય છે.
- શાળાના સ્ટાફને ઇન્ફર્મેશન ટેકનોલોજીથી સુસજજ કરવા આઇ.સી.ટી. તાલીમનુ નિયમિત આયોજન કરવામાં આવે છે જેમાં આઇ.સી.ટી. નિષ્ણાંત રીટા. પ્રોફેસર નવનીતભાઇ રાઠોડ તથા તેમની ટીમ દ્વારા તાલીમ આપવામાં આવે છે શાળાના માનદ્મંત્રી શ્રી ડી.જે. ધંધુકીયા સાહેબ અને આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીની દેખરેખ હેઠળ આ ટ્રેઈનીંગ સુંદર રીતે ચાલી રહી છે અને તેના પરિણામો આશાસ્પદ રહ્યા છે.





- શાળા શિક્ષણને સમૃધ્ધ બનાવવા સમગ્ર વર્ષ દરમ્યાન સમયાંતરે સ્ટાફ મિટીંગનું આયોજન કરવામાં આવે છે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન અંદાજીત ૪૫ કલાક વિચાર વિમર્શ કરવામાં આવેલ. જેમા માનદ્ મંત્રી શ્રી ડી.જે.ધંધુકિયા, આચાર્યશ્રી મેઘજીખાન સાચબાણી સમગ્ર સ્ટાફ એકટીવલી પાર્ટીસીપેટ થાય છે. જેમા જરૂરિયાત પ્રમાણે એકસપર્ટ તથા વાલીઓને પણ સામેલ કરવામાં આવે છે આ મીટિંગના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે.
  - સામાન્ય અને વિશિષ્ટ અભ્યાસક્રમ અંગે શિક્ષકોનો વ્યકિતગત અભિપ્રાય લેવામાં આવેલ.
  - નવા તૈયાર કરેલ અભ્યાસક્રમને વધુ સરળ કરી જે કન્ટેન્ટ તૈયાર કરેલ છે તે અંગે કમિટી બનાવી બાળકોને ધોરણ તરફ કઇ રીતે લઇ જવા તે અંગે વિચાર વિમર્શ કરવામાં આવેલ.
  - જનરલ એજ્યુકેશન સાથે Basic-MR (સ્પેશ્યલ એજ્યુકેશન) ને પણ મહત્ત્વ આપવુ સ્પેશ્યલ એજ્યુકેશન એ જનરલ એજ્યુકેશનની પૂર્વ શરત છે
  - Vocational એજ્યુકેશનમાં સ્કીલ બેઇઝ પ્રોગ્રામ તૈયાર કરવામાં આવેલ.
  - મીટિંગમાં શિક્ષક દ્વારા પોતાના વર્ગના બાળકોની કેસ સ્ટડી રજુ કરવામાં આવે છે જેમાં જરૂરિયાત મુજબ બાળકના વાલીને પણ સાથે રાખવામાં આવે છે.







- **ICT વિષય ઉપર ત્રણ દિવસીય C.R.E. Programme**




તા.૧૧ થી ૧૩ ઓકટોબર ૨૦૧૯ દરમ્યાન શાળામાં ઈન્ફર્મેશન કોમ્યુનિકેશન ટેકનોલોજી વિષય ઉપર ત્રણ દિવસીય C.R.E. (કંટીન્યુઈંગ રીહેબીલટેશન એજ્યુકેશન) પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. આ પ્રોગ્રામમાં સ્થાનિક તેમજ અમદાવાદ, સુરેન્દ્રનગર, અમરેલી, પાલનપુર, બોટાદ વિગેરે જિલ્લાઓમાંથી વિકલાંગ ક્ષેત્રે કાર્યરત ૩૦ વિશિષ્ટ શિક્ષકો હાજર રહેલ.

જેઓને I.C.T. ના નિષ્ણાંત રીટા.પ્રોફેસર શ્રી નવનીતભાઈ રાઠોડ તથા તેમના ટીમના તજજ્ઞો દ્વારા ઓનલાઈન તેમજ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા I.C.T. વિશે અતિ ઉપયોગી માહિતી આપવામાં આવેલ.

આ C.R.E. Programme ના ઉદ્‌ઘાટન પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ડો.શ્રી હેમંતકુમાર મહેતા (ડીન-મેડીકલ કોલેજ ભાવનગર) તથા સમાપન પ્રસંગે અતિથિ વિશેષ તરીકે પ્રોફેસર ડો.શ્રી દિલીપભાઈ બારડ (H.O.D. અંગ્રેજી ભવન ભાવનગર યુનિ.ભાવનગર) ઉપસ્થિત રહેલ. તેમજ શાળાના ઉપપ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી ટ્રસ્ટી શ્રી રાજેશભાઈ હકાણી માનદ્ મંત્રીશ્રી ડી.જે. ધંધુકીયા, શ્રી અલ્પેશભાઈ શેઠ માનદ્ ટ્રેઝરરશ્રી દેવલભાઈ શાહ વિગેરેએ પ્રોત્સાહક હાજરી આપેલ.



આ સમગ્ર C.R.E. Programme શાળાના માનદ્‌મંત્રીશ્રી ડી.જે.ધંધુકિયાની દેખરેખ હેઠળ શાળાના આચાર્ય તથા કો-ઓર્ડિનેટર શ્રી મેઘજીખાન સાચબાણીના માર્ગદર્શન સાથે સુંદર રીતે સંપન્ન થયેલ આ C.R.E. પ્રોગ્રામને સફળ બનાવવા શિક્ષકશ્રી આરીફભાઈ જેઠવા તથા રિસેપ્શીનિસ્ટ શ્રી ભાવિશાબેન પારેખે સારી એવી જહેમત ઉઠાવેલ.



**સકસેસ સ્ટોરી**

**વિદ્યાર્થીનું નામ : કળસરીયા હિમાંશુ મહેન્દ્રભાઇ** **આઇ.કયુ. : ૫૦-૬૯**

**ધોરણ : ૫ - ડી** **વિકલાંગતાની ટકાવારી : ૫૦%**

**વિકલાંગતા : મંદબુદ્ધિ તથા સાંભળવાની અક્ષમતા**


હિમાંશુ સાથે કામ કરવું તે એક ચેલેન્જ છે કારણ તે મંદબુદ્ધિ સાથે સાંભળવાની પણ તકલીફ ધરાવે છે. તેથી તેને સાથે વાત-ચીત કરીને કોઇ વસ્તુ સમજાવી ખૂબ જ મુશ્કેલ છે.

સૌ પ્રથમ તેને નાની-નાની ડેફ બાળકોની સાઇન શિખવેલ જેમાં પ્રથમ વસ્તુનું ચિત્ર તથા તેની સાઇન બતાવવી આ બધી બાબત ખૂબ જ ધીરજ માંગીલે તેવી છે. આમ ધીરે ધીરે હિમાંશુ સાઇન લેંગ્વેજ શીખતો ગયો અંગ્રેજી અંક, મૂળાક્ષર, સુખની-દુઃખની સાઇન વિગેરે વળી અંકની સાઇન શિખવવામાં ખૂબ જ તકલીફ પડી કારણ કે ગુજરાતી અને અંગ્રેજી બન્ને અંક ભેગા લખે, ધીમે-ધીમે તેમાપણ સુધારો આવ્યો, હજુ ઘણી વખત ગુજરાતી અંક (૭) અને અંગ્રેજી અંક (9) બન્નેમાં ભૂલ કરી લે છે.

સાઇન લેંગ્વેજ શિખવાડતા દરમ્યાન જાણવા મળ્યુ કે તેને કમ્પ્યુટર તથા મોબાઇલમાં વધુ રૂચિ છે ત્યાર બાદ શરૂઆતમાં કમ્પ્યુટર શરૂ કરવું, બંધ કરવું, પ્રોજેકટર સાથે જોડવું વિગેરે શિખવ્યુ ત્યાર બાદ ટેબલેટ દ્વારા એજયુકેશનલ પ્રોગ્રામ દા.ત. જ્ઞાન કુંજ, જુદી-જુદી એપ્લીકેશન ખોલવી, બંધ કરવી વિગેરે શિખવવામાં આવેલ ત્યાર બાદ ટેબલેટ દ્વારા શૈક્ષણિક પ્રોગ્રામ એપ્લીકેશન ને રન કરતા શિખવેલ અને ધીમે-ધીમે તેના સીમ્બોલાઇઝેશન કરતો પણ થયો. હાલ અત્યારે કમ્પ્યુટરમાં એક્ષલની ફાઇલ ખોલી તેમા ટાઇપીંગ પણ કરે છે અને ફાઇલને સેવ પણ કરી શકે છે.

સાથોસાથ તેણે પોતાનું ફેસબુક એકાઉન્ટ બનાવેલ છે અને દરેક શિક્ષકને ફ્રેન્ડ રીકવેસ્ટ પણ મોકલે છે આ ઉપરાંત તે ફેસબુકની પોસ્ટમાં ઇમોઝીસથી પોતાના પ્રતિભાવ પણ આપે છે. ફેસબુકમાં જન્મ દીવસની શુભેચ્છા પણ તે ટાઇપ કરી મૂકે છે.

હાલમાં તેણે વર્ગના બધા બાળકોનું વોટસએપ ગૃપ બનાવ્યુ છે અને તેમાં એને મને પણ સામેલ કરેલ છે તેમાં તે ચિત્ર, મેસેજ, વિડીયો વગેરે પોસ્ટ કરે છે. Good Morning, Good Night, ના મેસેજ પણ મૂકે છે અને આમાથી બીજા બાળકો પણ પ્રેરણા મેળવે છે અને તે પણ શિખવાનો પ્રયત્ન કરે છે. ગૃપના બધા બાળકોની આ પ્રવૃત્તિ જોઇને ખૂબ જ આનંદ થાય કે જે લોકો કહે છે કે આ બાળકો કાંઇ ન કરી શકે તેની જગ્યારે બાળકો કમ્પ્યુટર, ટેબ્લેટ અને તેની એપ્લીકેશન વાપરતા થયા.





જયપાલસિંહ ગોહિલ
સ્પેશ્યલ એજયુકેટર

# ૨. વિવિધ થેરાપીઓ, મેડીકલ કેમ્પ

## વિવિધ થેરાપીઓ...

એક છત્રનીચે શિક્ષણની સાથે જરૂરી થેરાપી વિનામૂલ્યે મળી રહે તેવો સંસ્થાનો ઉદેશ છે. આ ઉદેશને પરીપૂર્ણ કરવા માટે સંસ્થામાં નિયમિત રીતે વિવિધ થેરાપીઓ આપવામાં આવે છે.



● **ફિઝીયોથેરાપી**

મંદબુધ્ધિ બાળકના માનસિક વિકાસની સાથે સાથે તેમના શારીરિક વિકાસમાં પણ ઘણાં જ ફેરફાર થતા હોય છે. મંદબુધ્ધિ બાળકોને સ્નાયુનું ઢીલાપણું, કઠણપણું, લાળ પડવી, ચાલવાની ખોટી રીત, કરોડરજજુની રચનામાં તફાવત દેખાય છે આવી ઘણી જ તકલીફો જોવા મળે છે. શરીરમાં વધારાની ચરબી જમા થાય છે જેથી બાળકમાં મેદસ્વીતા (Obesity) પણ જોવા મળે છે. સાથે Posture પણ બદલાયેલું જોવા મળે છે. હાથની પકડ ઓછી હોવી, Moment અને Rom માં પણ ફેરફાર વગેરે જેવી તકલિફો મંદબુધ્ધિના બાળકોમાં જોવા મળે છે. આ બધીજ તકલીફો દુર કરવા કે ઓછી કરવા માટે ફિઝીયોથેરાપી ટ્રીટમેન્ટ આપવામાં આવે છે તાજેતરમાંજ Heightometer, ultrasound, karada scan જેવા વિવિધ નવા સાધનો પણ વસાવવામાં આવેલ છે.



● વિશેષમાં વર્ષ દરમ્યાન સહજાનંદ ફિઝીયોથેરાપી કોલેજના વિદ્યાર્થીઓ તેમની ઈન્ટર્નશીપના ભાગ રૂપે શાળાના બાળકોને નિયમિત રીતે ટ્રીટમેન્ટ આપવા માટે આવેલ.

| કુલ લાભાર્થી (બાળકો)ની સંખ્યા : ૪૦ કુલ સેશન : ૧૨૮૮ |
|---|

ડો. રાધિકા રાઠોડ
(ફિઝીયોથેરાપીસ્ટ)

● **મ્યુઝિક થેરાપી**



સંગીત સાંભળવાની, ગાવાની, કે વાદ્ય વગાડવાની કોઈપણ સ્થિતિમાં સંગીત દ્વારા મનુષ્ય શરીરમાં રહેલા ત્રિદોષ - વાત, પિત્ત, કફની માત્રા સપ્રમાણ જળવાઈ રહે છે. જેથી રોગપ્રતિકાર શકિત વધે છે, અને શારીરિક-માનસિક સ્વસ્થતા જળવાઈ રહે છે. ઔષધિરહિત આ ચિકિત્સા કોઈ આડઅસર વગરની છે. સંગીતની મદદથી શરીરના દરેક તંત્રનું કાર્ય પાચનતંત્ર, ઉત્સર્જનતંત્ર, શ્વસનતંત્ર, રકતવાહિનીઓની ગતિ, તરલ દ્રવ્યોનું સ્તર વગેરે જળવાઈ રહે છે. માનસિક અને શારીરિક રીતે નબળા બાળકોમાં કોમ્યુનિકેશન તથા મોટરસ્કિલને વિકસિત કરવામાં ઘણો મોટો ફાળો સંગીત આપી શકે છે. બાળકોમાં આઈ-હેન્ડ-કો-ઓર્ડીનેશન થવામાં સંગીત ખુબ ઉપયોગી નિવડે છે.




સમગ્ર વર્ષ દરમ્યાન મ્યુઝિક થેરાપીમાં કુલ નીચે મુજબ સેશન આપવામાં આવેલ. અંકુર શાળામાં ચાલતા મ્યુઝિક થેરાપી વિભાગમાં આ વર્ષે યોગ, ડ્રોઈંગ તથા ક્રાફટ શીખવવાનું પણ શરુ કરેલ છે. જેમાં ખુબ સફળતા મળી છે.

| ક્રમ | સેશન | કુલ |
|---|---|---|
| ૧ | વર્ગ પ્રમાણે કુલ સેશન | ૩૪૮ |
| ૨ | વ્યકિગત થેરાપી સેશન | ૧૭૪ |
| ૩ | યોગ સેશન | ૧૨૪ |
| ૪ | ડ્રોઈંગ અને ફ્રાફટ સેશન | ૧૩૭ |

ડો. ભાવના અંધારિયા
(મ્યુઝીક થેરાપીસ્ટ)

- **સ્પીચ એન્ડ લેંગ્વેજ થેરાપી**





મંદબુદ્ધિ બાળકો સાથે અન્ય સમસ્યાઓ પણ સંકળાયેલી હોય છે. જેમાં સૌથી મોટો પ્રશ્ન એ વાણીનો છે. આવા બાળકો માટે કે જેઓમાં ઘણી બધી ક્ષમતાઓ હોવાં છતાં તેઓ જયારે વાચા/વાણીની સમસ્યાથી પિડાય છે ત્યારે, તેમના માટે દૈનિક જીવનમાં, રોજ-બ-રોજના કાર્યોમાં તેને ઘણી જ મુશ્કેલીઓ ઉભી થાય છે.

આ મુશ્કેલીઓ દુર કરવા અઠવાડિયામાં બે વાર તેને આ તાલીમ અપાય છે. માત્ર એટલું જ નહીં, પરંતું તેના વર્ગ-શિક્ષકને પણ ખાસ સૂચના અપાય છે કે વર્ગમાં તેની પ્રવૃત્તિઓ દરમ્યાન બાળક તેને અનુસરે, તેનો અમલ કરે. આ ઉપરાંત, વાલીને પણ બાળક ઘરે પ્રેકટીસ કરાવે તે માટે માર્ગદર્શન આપવામાં આવે છે. આ ઉપરાંત ટેકનોલોજીનો ઉપયોગ કરી સ્પીચ થેરાપીને લગતી અલગ-અલગ એપ્લીકેશન દ્વારા તાલીમ આપવામાં આવે છે.

- તારીખ ૨૦-૬-૨૦૧૯ થી ૨૦-૭-૨૦૧૯ દરમ્યાન શ્રી.ખી.લ. બહેરા મુંગા ટ્રેનીંગ કોલેજના ૧૨ તાલીમાર્થીઓ ઈન્ટર્નશીપ માટે આવેલ અને બાળકોને સ્પીચની તાલીમ આપેલ.

કુલ લાભાર્થી (બાળકો)ની સંખ્યા : ૫૮ કુલ સેશન : ૧૨૭૮

ક્રિષ્ના રૂપેરા
(સ્પેશયલ એજયુકેટર)





- **ઓકયુપેશનલ થેરાપી**

ઓકયુપેશનલ થેરાપી નો મુખ્ય ઉદ્દેશ્ય જ્ઞાનેન્દ્રિયો અને હલન-ચલન ના કૌશલ્યમાં સુધારો લાવવાનો છે. ઓકયુપેશનલ થેરાપી વડે બાળકોમાં સ્પર્શ-સ્વાદ-સુગંધ તેમજ સંવેદનાઓનો વિકાસ કરી શકાય છે. આ ઉપરાંત ઓકયુપેશનલ થેરાપી દ્વારા ખાસ કરીને મંદબુદ્ધિ બાળકોમાં એકાગ્રતા વધારવી આંખ અને હાથનો સમનવય વધારવામાં ખુબ જ ઉપયોગી છે તેમજ મંદબુદ્ધિ સાથે હાઈપર એકટીવીટી વાળા બાળકો માટે બ્રશીંગ જેવી ટ્રીટમેન્ટ આપવામાં આવે છે જે તેમના માટે અતિ ઉપયોગી છે. આ ઉપરાંત Vestibular Tunnel, Ball Pool, Sensory Toys જેવા ઈકવીપમેન્ટસ વડે પણ મંદબુદ્ધિ બાળકોને ઓકયુપેશનલ થેરાપી આપવામાં આવે છે.

| કુલ લાભાર્થી (બાળકો)ની સંખ્યા : ૨૪ કુલ સેશન : ૮૦૫ |
|---|

નમ્રતા જોગલેકર
(ઓકયુપેશનલ થેરાપીસ્ટ)

**મેડિકલ કેમ્પ...**

- **શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

ગુજરાત સરકાર ધ્વારા દર વર્ષે 'શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ' નું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત સંસ્થામાં પણ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં ડો.મુકેશભાઈ પ્રજાપતિ (પિડીયાટ્રીશન) તેમજ ડો.ચિરાગ અંબાલિયા (સાઈકીચાટ્રીક) બન્ને સર.ટી.હોસ્પિટલ એ સેવા આપેલ અને કુલ ૧૩૯ બાળકોનું ચેકઅપ કરવામાં આવેલ તેમજ આ ચેકઅપ દરમ્યાન વધુ તકલીફ વાળા ૧૮ બાળકોને સંદર્ભકાર્ડ પણ ઈશ્યુ કરવામાં આવેલ. સંદર્ભકાર્ડ અંતર્ગત ૦ થી ૧૮ વર્ષના બાળકોને મેજર અને ગંભીર બીમારીમાં વિના મૂલ્યે સારવાર આપવામાં આવે છે.

આ આરોગ્ય તપાસણી કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાચબાણીના માર્ગદર્શન હેઠળ શિક્ષકશ્રી પારસભાઈ પરમાર તથા તેમની ટીમે સુંદર કામગીરી બજાવી કાર્યક્રમને સફળ બનાવેલ.







- **હોમીયોપેથી મેડિકલ કેમ્પ**

શાળા ખાતે સૌ પ્રથમવાર તા.૧૬/૦૨/૨૦૨૦ નાં રોજ હોમિયોપેથી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં ડો. પલ્લવીબેન ચતુર્વેદી (મુંબઈ) તથા તેમની ટીમ દ્વારા શાળાનાં કુલ ૭૬ બાળકોનું હેલ્થ ચેકઅપ કરવામાં આવેલ તથા જરૂરી ફોલોઅપ માટે શિક્ષક તથા વાલીને માહિતગાર કરવામાં આવેલ. દરેકને જરૂરી દવાઓ વિનામુલ્યે આપવામા આવી હતી.

મુંબઈ સ્થિત શાળાના દાતા તેમજ શુભેચ્છક શ્રી જયેશભાઈ દેસાઈ એ આ કેમ્પ સ્પોન્સર કરી પ્રશંસનિય સહયોગ આપેલ. શ્રી જયેશભાઈનો આભાર...



## ૩. કેપેસીટી બિલ્ડીંગ : વર્કશોપ્સ, સેમીનાર્સ, ટ્રેઈનીંગ્સ, એજયુકેશનલ વિઝિટસ્

- **ઓરીએન્ટેશન પ્રોગ્રામ (ચાલો આપણા બાળકોને ઓળખીએ)**




શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં નવા પ્રવેશ પામેલ બાળકોના વાલીઓ માટે દર વર્ષની માફક આ વર્ષે પણ ''ચાલો આપણા બાળકોને ઓળખીએ'' અંતર્ગત એક પેરેન્ટસ ટ્રેઈનિંગનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ૩૪ વાલીઓ હાજર રહેલ. મંદબુદ્ધિ બાળકોની તાલીમ અને શિક્ષણમાં માતા-પિતાની ભુમિકા ખુબ જ અગત્યની હોય છે તે હેતુને ધ્યાનમાં રાખી આ ટ્રેઈનિંગનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. સામાન્ય દ્રષ્ટિએ એક માતા સો શિક્ષકની ગરજ સારે છે. જયારે આપણા આ વિશિષ્ટ ક્ષેત્રમાં માતાને આ કહેવત સાર્થક કરવા આ બાળકોને પહેલાં ઓળખવા જરૂરી છે. એટલે કે વિશિષ્ટ બાળક દરેક દ્રષ્ટિએ વિશિષ્ટતા ધરાવે છે.

આ પેરેન્ટસ ટ્રેઈનિંગની શરૂઆત વાલીઓ દ્વારા દિપ પ્રાગટયથી કરવામાં આવેલ. માનદ્ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયા દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કરવામાં આવેલ. તેમજ શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાચબાણીએ



શાળા અંગેની માહિતી તેમજ મંદબુદ્ધિ બાળકનાં વિકાસમાં સહ પ્રવૃત્તિનું મહત્ત્વ વિશે વાત કરેલ. શિક્ષકશ્રી રિદ્ધિબેને મંદબુદ્ધિ એટલે શું ? તેના કારણો તેને અટકાવવાના ઉપાયો વિશે રસપ્રદ શૈલીમાં માહિતી પુરી પાડેલ. ત્યારબાદ શિક્ષકશ્રી જયપાલસિંહે એક કરતા વધુ વિકલાંગતા અને બાળકનાં વિકાસમા વિવિધ શૈક્ષણિક એરીયા અને તેની તાલીમનું મહત્ત્વ સમજાવેલ. તેમજ મંદબુદ્ધિ બાળકનાં વિકાસમાં વાલીનું મહત્ત્વ અને I.Q. એટલે શું ? તે મુજબ મંદબુદ્ધિના પ્રકારો અને અપેક્ષિત ક્ષમતા અંગે શિક્ષકશ્રી પારૂલબેને અગત્યની માહિતી પૂરી પાડેલ. મંદબુદ્ધિ બાળકનાં વિકાસમાં રોજિંદા જીવનની પ્રવૃત્તિનાં મહત્ત્વ અંગે શિક્ષકશ્રી રેશ્માબેને વાત કરેલ તેમજ શિક્ષકશ્રી નેહલબેને બાળકના વિકાસમાં સામાજીકરણ અને ઘરેલું પ્રવૃત્તિઓની અગત્યતા સમજાવેલ. વર્તન સમસ્યા અને તેના ઉપાયો અંગેની અગત્યતા શિક્ષકશ્રી હરદીપભાઈએ સમજાવેલ. મંદબુદ્ધિ બાળકોમાં વ્યવસાયિક તાલીમ અંગે શ્રી હીનાબેને વાત કરેલ. ત્યારબાદ ફિઝીયોથેરાપી અંગે ડો. શ્રી રાધિકાબેને, સ્પિચ થેરાપી અંગે શ્રી ક્રિષ્નાબેને, ઓકયુપેશનલ થેરાપી અંગે શ્રી નમ્રતાબેને, મ્યુઝિક થેરાપી અંગે ડો. શ્રી ભાવનાબેને માહિતી આપેલ. મંદબુદ્ધિ બાળકોને મળતા વિવિધ સરકારી લાભો અંગે શ્રી પારસભાઈએ ઝીણવટ પૂર્વક રસપ્રદ માહિતી આપેલ.

પેરેન્ટસ ટ્રેઈનિંગનું આયોજન શાળાના શિક્ષકશ્રી પારૂલબેન પાઠકે કરેલ. આચાર્યશ્રી મેઘજીખાન સાચબાણીના માર્ગદર્શન હેઠળ આ પેરેન્ટસ ટ્રેઈનિંગ સુંદર રીતે સંપન્ન થયેલ.



- **''પ્રજ્ઞા પ્રોજેક્ટ''ની મુલાકાત**

તા.૧૯/૦૮/૨૦૧૯નાં રોજ સરદારનગર સ્થિત શ્રી સરદારસિંહ રાણા પ્રાથમિક શાળા ખાતે કાર્યરત ''પ્રજ્ઞા પ્રોજેક્ટ'' ની શાળાના શૈક્ષણિક સ્ટાફે મુલાકાત લીધેલ. તેમજ પ્રજ્ઞા અભિગમ અંતર્ગત બાળકોને વિશિષ્ટ પ્રકારની બેઠક વ્યવસ્થા, પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે અને જેમાં મહત્તમ રીતે ટી.એલ.એમ. નો ઉપયોગ કરવામાં આવે છે. તે અંગેની જાણકારી મેળવેલ.

- **આઇ.સી.ટી. ટ્રેઇનીંગમાં શાળાના શિક્ષકો**

તા. ૧૭/૧૧/૨૦૧૯નાં રોજ હાઇટેક ઇન્કલુઝીવ સ્કુલ દ્વારા આયોજીત એક દિવસીય આઇ.સી.ટી. અંગેની ટ્રેઇનીંગમાં શાળાના શિક્ષક સર્વશ્રી અમીતાબેન, અનસુયાબેન, પ્રજ્ઞાબેન તેમજ પાયલબેન હાજરી આપેલ અને આઇ.સી.ટી. અંગે જ્ઞાન સભર માહિતી મેળવેલ.

- **સી.આર.ઇ. પ્રોગ્રામમાં આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીની હાજરી**

તા. ૨૮ થી ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૦ દરમિયાન સેન્ટ્રલ યુનિવર્સીટી ગાંધીનગર દ્વારા ઇન્કલુઝન : ચેલેન્જ એન્ડ પોસીબીલીટી વિષય પર આયોજિત બે દિવસીય સી.આર.ઇ. પ્રોગ્રામમાં શ્રી મેઘજીખાન સાયબાણી હાજર રહી ઇન્કલુઝન અંગેના વર્તમાન પ્રવાહો તેમજ તેમની સંભાવનાઓ વિશે નોલેજ મેળવેલ.



# ૪. મીટિંગ્સ



- **વાર્ષિક સાધારણ સભા (AGM)**

  તા.૨૯/૦૮/૨૦૧૯નાં રોજ વર્ષ ૨૦૧૮-૧૯ની વાર્ષિક સાધારણ સભા શ્રી અનંતરાય કે. શાહ (બાબાભાઈ) ની અધ્યક્ષતામાં યોજવામાં આવેલ. જેમાં માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઈ કે. શેઠે વર્ષ દરમ્યાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓ તથા વહિવટી બાબતોની માહિતી આપેલ તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિનો અહેવાલ માનદ્ મંત્રી શ્રી ડી.જે. ધંધુકિયા દ્વારા રજુ કરવામાં આવેલ તેમજ માનદ્ ટ્રેઝરરશ્રી દેવલભાઈ શાહે ઓડિટેડ હિસાબો અને બજેટ રજુ કરેલ સાથોસાથ શાળાની અન્ય પ્રવૃત્તિઓ વિશે આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ વાત કરેલ તેમજ ઉપ પ્રમુખ શ્રી વિનુભાઇ હકાણીએ આનુષંગિક ઉપયોગી માહીતી આપેલ. આ વાર્ષિક સાધારણ સભા દરમ્યાન જ વર્ષ ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ રજુ કરવામાં આવેલ આ સભામાં હાજર ટ્રસ્ટીશ્રીઓ તેમજ સભ્યો દ્વારા સંસ્થાની સુંદર પ્રવૃત્તિઓ તથા કામગીરીને બિરદાવવામાં આવેલ અને અંકુર પરિવારને અભિનંદન પાઠવવામાં આવેલ.

- **અર્ધવાર્ષિક વાલી મિટીંગ & કાનુની શિબિર**

  તા.૨૨/૧૦/૨૦૧૯નાં રોજ શાળામાં અર્ધવાર્ષિક વાલી મિટીંગ તથા કાનુની શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં વાલીઓને વર્ગ મુજબ બાળકોનો પ્રથમ સત્રનો પ્રગત્તિ અહેવાલ (પેપર) બતાવવામાં આવેલ તેમજ જરૂરી સુચનો તથા વેકેશનમાં બાળકોને ઘરે તાલીમ આપવા અંગેનું માર્ગદર્શન આપેલ.

  સાથોસાથ કાનુની શિક્ષણ શિબિર અંતર્ગત એડવોકેટ શ્રી પ્રિતીબેન મહેતા તથા એડવોકેટ શ્રી શ્રદ્ધાબેન પરાંજપે (ડિસ્ટ્રિક્ટ લિગલ સર્વિસ ઓથોરીટી, ભાવનગર) દ્વારા વાલીઓને કાનુની માર્ગદર્શન આપવામાં આવેલ તથા વાલીઓને મુંઝવતા પ્રશ્નો અંગે સચોટ માહિતી આપવામાં આવેલ.

  કાર્યક્રમનું સંચાલન શ્રી ભાવનાબેન અંધારિયા એ કરેલ તથા સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી પારૂલબેન પાઠક દ્વારા કરવામાં આવેલ.








- સંસ્થાના સુચારુ વહિવટ, સંકલન અને નિર્દેશ માટે દર ૧૫ દિવસે સંસ્થાના ઉપ પ્રમુખ, પૂર્વ માનદ્ મંત્રી, માનદ્ મંત્રી, માનદ્ ટ્રેઝરર, આચાર્ય તેમજ ઓફીસ સુપ્રીટેન્ડન્ટ ની મીટીંગ યોજાય છે.
- આ ઉપરાંત શાળામાં વિવિધ કમિટીઓની પણ રચના કરવામાં આવે છે. જેવી કે એડવાઇઝરી કમિટી, શિક્ષણ કમિટી, રીક્ષા સહાય કમિટી, ફંડ રેઇઝીંગ કમિટી, સાંસ્કૃતિક કમિટી, એકાઉન્ટ કમિટી, મહિલા સુરક્ષા સમીતી વગેરેની સમયાંતરે મીટિંગનું આયોજન થતુ હોય છે.

## ૫ એડલ્ટ વોકેશનલ એન્ડ ઈન્ડીપેન્ડેન્ટ લીવીંગ સેન્ટર

- વોકેશનલમાં સેન્ટરમાં વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ ૪૦ બાળકોએ તાલીમ મેળવેલ.
- વોકેશનલ ટ્રેનીંગ સેન્ટરમાં વર્ષ દરમ્યાન બનાવેલ વિવિધ વસ્તુઓ શોપીંગ બેગ, કવર, આસન, કાર્ડ, પેપર બેગ, મની કવર વગેરે નું કુલ વેચાણ રૂા.૬૬,૮૪૫/- થયેલ.
- સ્વરોજગારીકે આર્થિક ઉપાર્જન દ્વારા મંદબુધ્ધિ વ્યકિત પગભર થઈ શકે તેવા આશયથી વોકેશનલ ટ્રેનિંગ અંતર્ગત વિવિધ કોર્સ કરાવવામાં આવે છે. જેમાં નીચે મુજબ બાળકો વિવિધ કોર્સમાં તાલીમ મેળવી રહયાં છે. આગામી સમયમાં આ ડીપાર્ટમેન્ટના વિસ્તૃતીકરણનું આયોજન છે.

| ક્રમ | કોર્સનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓફિસ આસિસ્ટન્ટ | ૧૩ |
| ૨ | સ્ટોનવર્ક | ૦૪ |
| ૩ | પેપરબેગ મેકિંગ | ૧૨ |





## ૬. અમારા નવા સોપાનો

- **વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર ઉદ્‌ઘાટન**


વધતી જતી સંખ્યાને ધ્યાનમાં રાખી સંસ્થાની સેવાઓના વિસ્તરણ સ્વરૂપે શાળામાં ૧૮ વર્ષ થી ઉપરનાં બાળકોને વ્યવસાયિક તાલીમ મળી રહે તેવા ઉદ્દેશથી અદ્યતન ‘વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર’ બનાવવામાં આવેલ છે. જેમાં બાળકોને પેપર બેગ, શોપીંગ બેગ, સ્ટોન વર્ક, ફાઈલ વર્ક, ઓફિસ આસીસ્ટન્ટ જેવી વિવિધ તાલીમ આપવામાં આવશે. જેનું તા. ૦૫-૦૧-૨૦૨૦ના રોજ વિવિધ દાતાઓ તથા ટ્રસ્ટીશ્રીઓની હાજરીમાં ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. શ્રી પ્રકાશભાઈ દેસાઈના પ્રયત્નો તેમજ દાતાઓના સહયોગથી આ નવા ફલોરનું બાંધકામ કરવામાં આવ્યું.









માનસિક વિકલાંગ
વ્યવસાયિક તાલીમ વિભાગ
સૌજન્ય
સ્વ.રેખા અને કાનન શેઠ
(ગલિયાકોટવાલા) મુંબઈ






- **સેન્સરી થેરાપી રૂમ & ડાર્ક રૂમનું ઉદ્‌ઘાટન**

મંદબુધ્ધિ બાળકોને ઓછી બુધ્ધિ ક્ષમતાની સાથે સાંવેગિક ઈન્દ્રિયોની અક્ષમતા ને લીધે ઘણી મુશ્કેલીઓ પડે છે. આ માટે ખાસ થેરાપી આપવી પડે છે. જેના માટે સંસ્થામાં ઓકયુપેશનલ થેરાપી રૂમ બનાવવામાં આવેલ જેમા ખાસ પ્રકારની મેટ તેમજ જુદી-જુદી પઝલ્સ, સાંવેગિક ઈન્દ્રિયોનો વિકાસ થાય તે માટે જુદા જુદા સાધનો વસાવવામાં આવેલ. તદ્ ઉપરાંત ડાર્ક રૂમ પણ બનાવવામાં આવેલ છે. જેમાં વિવિધ પ્રકારની લાઈટ્સ, કલર ઈફેકટ માટે જુદા-જુદા લેમ્પસ, ડાર્ક બ્લેક પડદાથી એક વિશિષ્ટ રૂમ તૈયાર કરવામાં આવેલ છે. જેનું તા. ૦૪-૦૨-૨૦૨૦ ના રોજ મેયરશ્રી મનહરભાઈ મોરી, સ્ટેન્ડીંગ કમિટીનાં ચેરમેન શ્રી યુવરાજસિંહ ગોહિલ તેમજ શહેર ભાજપ પ્રમુખ શ્રી સનતભાઈ મોદીનાં વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવેલ.


# ૭.૧ ઉત્સવો ની ઉજવણી

સંસ્થાની એક પરંપરા રહી છે કે વિવિધ ઉત્સવો, વર્લ્ડ ડે તથા કાર્નિવલ્સની નિયમીત ઉજવણી કરવી. તેનો હેતુ ફકત મનોરંજન નથી પરંતુ તેનાથી હાંસિયામા જીવતા આ બાળકોનું પારિવારીક, સામાજિક, શૈક્ષણિક, આર્થિક, વ્યાવસાયિક તમામ ક્ષેત્રે સ્વીકાર અને સમાયોજન થાય તે છે. આ માટે શાળામાં નિયમીત પણે રક્ષાબંધન, કૃષ્ણ જન્મોત્સવ, નવરાત્રી, દિવાળી પર્વ, નાતાલ, ઉતરાયણ, ધુળેટી વિગેરે તહેવારો દાતાઓના સહયોગથી ઉજવવામાં આવે છે. તેમજ આંતરરાષ્ટ્રિય યોગ દિવસ, શિક્ષક દિન, વિશ્વ વિકલાંગ દિવસ તેમજ વિશ્વ માનસિક વિકલાંગ દિવસ, સ્વતંત્રતા દિન, પ્રજાસત્તાક દિન વિગેરેની પણ ઉજવણી કરવામાં આવે છે અને બાળકોને તે તહેવારો તથા દિવસનું મહત્વ સમજાવવામાં આવે છે.

## આંતરરાષ્ટ્રિય યોગ દિવસ







## કિડસ કાર્નીવલ






## પ્રવેશોત્સવ










## સ્વાતંત્ર્ય પર્વ





## રક્ષાબંધન





## કૃષ્ણ જન્મોત્સવ






## મહાત્મા ગાંધી જયંતિ ઉજવણી









## નવરાત્રિ








## દિવાળી પર્વ







## વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી













## વિશ્વ માનસિક વિકલાંગ દિવસની ઉજવણી







## ઉતરાયણ પર્વ





# પ્રજાસત્તાક દિન












# ધૂળેટી પર્વ











"Ankur" Special School for M.R Children
WELCOME
લાયન્સ - લાયનેસ કલબ
ઓફ ભાવનગર (વેસ્ટ)
હાર્દિક સ્વાગત કરે છે.

# ૭.૨ રમત-ગમત, સાંસ્કૃતિક





**રમત - ગમત ક્ષેત્રે સિદ્ધિ**

| | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ |
|---|---|---|---|
| જિલ્લા કક્ષાએ | ૧૧ | ૧૮ | ૧૩ |
| રાજય કક્ષાએ | ૧ | -- | ૨ |
| રાષ્ટ્રિય કક્ષાએ | -- | ૧ | -- |





## સાંસ્કૃતિક...

- **રાજય કક્ષાના ''ઉમંગ ઉત્સવ''માં શાળાની સિધ્ધિ**

તા. ૨૪ જાન્યુઆરી - ૨૦૨૦નાં રોજ રાજકોટ ખાતે રમત-ગમત યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર આયોજીત અને જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, રાજકોટ સંચાલિત સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષા ઉમંગ ઉત્સવનું આયોજન કરવામાં આવેલ. જેમાં સમગ્ર સૌરાષ્ટ્ર માથી  વિકલાંગ બાળકોની શાળાઓએ ભાગ લીધેલ. જેમા વિવિધ સ્પર્ધાઓ પૈકી ગરબા સ્પર્ધામાં સમગ્ર સૌરાષ્ટ્ર ઝોનમાં 'અંકુર' શાળાના બાળકો દ્વારા રજુ કરવામાં આવેલ ગરબા ''અમે મૈયારા'' ની કૃતિએ ત્રીજુ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધારેલ.

બાળકોને સ્પર્ધાની તૈયારી માટે શાળાના સાંસ્કૃતિક કમિટિના હેડ ડો. શ્રી ભાવનાબેન અંધારિયા, શ્રી રિધ્ધિબેન મહેતા, શ્રી ક્રિષ્નાબેન રૂપેરા તથા શ્રી પ્રજ્ઞાબેન ચૌહાણે સરાહનિય કામગિરિ બજાવેલ તથા સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્યશ્રી મેઘજીખાન કે. સાયબાણીએ કરેલ.

અભિનંદન ટીમ 'અંકુર'...







# ૭.૩ ઘટનાઓ, સિદ્ધિઓ તથા પ્રસંગો

- **ગૌરવ**

➲ તાજેતરમાં ''સત્કાર્ય સન્માન સમિતિ'' - ભાવનગર દ્વારા ભાવેણાને ગૌરવાન્તિ કરનાર સત્કાર્ય માટે અંકુર મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળાનું અભિવાદન કરવામાં આવેલ.





હિતેષ પંડ્યા
મા. મુખ્યમંત્રીશ્રીના
અધિક જનસંપર્ક અધિકારી

Hitesh Pandya
APRO to
Chief Minister

A.P.R.O. UNIT, Chief Minister Residence, Bungalow No. 1, Sector-20, Gandhinagar-382 021.

apro/yt/2019/10/24/jp

તા. ૨૪-૧૦-૨૦૧૯

સ્નેહી શ્રી વિનોદભાઈ,

નમસ્કાર.

અંકુર મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા દ્વારા ''અમારી સાધના યાત્રા''નો વાર્ષિક અહેવાલ ૨૦૧૮-૨૦૧૯ પ્રાપ્ત થયો. જે માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના ધ્યાને મૂક્યો છે.

ધન્યવાદ.

(હિતેષ પંડ્યા)


To,
Shree Vinodbhai Hakuni, *Vice President,*
*Ankur Speical School for Mentally Retarded Children,*
Plot No. 1945, Nr. Working Womens Hostel,
Opp. Sardarnagar Shopping centre,
Bhavnagar-364002.

➲ સંસ્થા તરફથી દર વર્ષે નિયમિતપણે વાર્ષિક અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવે છે. જેમાં સંસ્થા દ્વારા વર્ષ દરમ્યાન કરેલ કામગીરીનો ચિતાર આપવામાં આવે છે તેમજ આગામી વર્ષમાં કરવા ધારેલ કામગીરીની વિસ્તૃત જાણકારી આપવામાં આવે છે. વાર્ષિક અહેવાલની નામી-અનામી સંસ્થાઓ, પ્રતિષ્ઠિત ડોકટરો, મહાનુભાવો તેમજ C.M.O કાર્યાલય નોંધ લે છે જે સંસ્થા માટે ગૌરવની બાબત છે.

➲ તા.૧૮/૦૬/૨૦૧૯નાં રોજ ''હાસ્ય મંથન'' કાર્યક્રમની સફળતાની ઉજવણી એક ગેટ ટુ ગેધર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમની શરૂઆતમાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અનંતભાઈ એ. શાહ (શ્રી બાબાભાઈ) એ 'અંકુર' ની અત્યાર સુધીની સફર અંગેની વાત કરેલ.



ગેટ ટુ ગેધરમાં ટ્રસ્ટીશ્રીઓ તથા સ્ટાફ પરિવારના સભ્યો સહીત સૌ હાજર રહેલ. અને શાળાના માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ તથા માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ તરફથી સ્વરૂચી ભોજન સમારંભ રાખવામાં આવેલ.





➲ જય જલીયાણ કર કલ્યાણ ગ્રુપ દ્વારા શાળામાં તાલીમ મેળવતા બાળકોને સારી કવોલીટીના સુંદર ટ્રેકશુટ આપવામાં આવેલ.

➲ તા.૦૯/૦૭/૨૦૧૯નાં રોજ રોટરી કલબ તરફથી શાળાના ૧૦૦ બાળકોને રેઈનકોટ વિતરણ કરવામાં આવેલ.



➲ તા. ૨૦/૦૭/૨૦૧૯ નાં રોજ ગ્રીન સીટી દ્વારા શાળાની આસપાસના વિસ્તારમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ.





➲ તા.૧૭/૦૯/૨૦૧૯ ના રોજ આપણા લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મ દિવસ ઉજવવામાં આવેલ સરદારનગર વિસ્તારના કોર્પોરેટર શ્રી મહેશભાઈ વાજા દ્વારા દરેક બાળકોને કેક ખવડાવવામાં આવેલ તથા ગીફટ આપવામાં આવેલ.



➲ તા. ૨૧/૦૧/૨૦૨૦નાં રોજ કલેકટરશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલ લોકલ લેવલ કમિટીની મીટિંગમાં શાળાના ઉપપ્રમુખ શ્રી વિનોદરાય એન. હકાણીએ હાજરી આપી દિવ્યાંગોના પ્રશ્નોની રજુઆત કરેલ.

➲ તા. ૨૧/૦૧/૨૦૨૦નાં રોજ વિકલાંગ સંકલન કમિટીની મીટિંગમાં શાળાના માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ કે. શેઠ તેમજ શ્રી ડી. જે. ધંધુકિયા સાહેબ ઉપસ્થિત રહેલ અને પોતાના મંતવ્યો આપેલ.

➲ શાળામાં નિયમીત રીતે ફેસબુક કે અન્ય સોશયલ મીડીયાના માધ્યમથી શાળાની પ્રવૃત્તિને નિહાળી એડમીશન માટેની ઈન્કવાયરીઓ સતત આવતી રહેતી હોય છે.

➲ રાજયના સમાજ સુરક્ષા ખાતા દ્વારા શૈક્ષણીક વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન શાળામાં તાલીમ મેળવતા માઈલ્ડ (હળવી મંદબુદ્ધિ) ધરાવતા ૬૨ બાળકોને બાળક દીઠ રૂા. ૧૦૦૦ ની સ્કોલરશીપ મળેલ.





- દર વર્ષની માફક આ વર્ષે પણ તા.૦૫/૦૨/૨૦૨૦ રોજ સંસ્થાના શિક્ષક શ્રી નેહલબેન ગઢવીનાં જન્મદિવસ નિમિત્તે તેઓના તરફથી બાળકો, સ્ટાફ, વાલીઓ, ટ્રેઈનિઝ તથા રીક્ષાચાલક ભાઈઓ માટે ડિમ્પલ રેસ્ટોરન્ટ ખાતે જમણવારનું આયોજન કરાવવામાં આવેલ. સુશ્રી નેહલબેન શિક્ષણ કાર્ય ઉપરાંત સંસ્થાના વિવિધ પ્રોજેકટના ફંડીંગની કામગીરીમાં પણ ઊંડો રસ લે છે. નવા ફલોરના ડોનેશન મેળવવામાં તેમણે પ્રશસ્ય કામગીરી કરી છે. તેઓ અંકુરનુ ગૌરવ છે અનેક દાતાઓને શાળા સુધી લઈ આવવામાં તેઓ હંમેશા પ્રયત્નશીલ રહે છે. અંકુરના તેઓ પ્રવકતા છે તેમનુ અભિવાદન અને અભિનંદન.

- **પ્રભુવંદના કાર્યક્રમ**

  સંસ્થાના કાયમી દાતા તથા શુભેચ્છક શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈના પિતા સ્વ.શ્રી જયંતિલાલ દુર્લભજીભાઈ દેસાઈ તેમજ તેમના ધર્મ પત્નિ સ્વ.શ્રી થોરુનબેનના આત્મશ્રેયાર્થે તા.૦૯/૦૩/૨૦૨૦નાં રોજ દરવર્ષની માફક આ વર્ષે પણ પ્રભુવંદના કાર્યક્રમનું આયોજન કરેલ.


  ડો.શ્રી ભાવનાબેન અંધારિયા, શ્રી રેશ્માબેન શાહ તથા શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ સુંદર ભજનો રજૂ કરી શ્રદ્ધાંજલી અર્પેલ.

  આ પ્રસંગે માન.શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈ તથા તેમના પરિવારજનો ઉપસ્થિત રહેલ સાથોસાથ શાળાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અનંતરાય કે. શાહ (શ્રી બાબાભાઈ), પૂર્વ માનદ્ મંત્રીશ્રી અનંતભાઈ એ. શાહ (શ્રી મફતભાઈ), પી.એન.આર. સોસાયટીના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, શાળાના પ્રમુખશ્રી શશીકાન્તભાઈ વાઘર, ઉપપ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી તેમજ માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ કે. શેઠ, શ્રી ડી. જે. ધંધુકિયા સાહેબ તેમજ સ્ટાફ પરીવાર તથા બાળકો હાજર રહેલ.






- **ભાવનગર ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝમાં પ્રમુખ તરીકે વરણી**



  શાળાના માનદ્ ટ્રેઝરર તેમજ વૈષ્ણવ સમાજના અગ્રણી તથા બંદર રોડ વેપારી એસોસીએશનના પ્રમુખશ્રી દેવલભાઈ શાહની ભાવનગર ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝમાં પ્રમુખ તરીકે વરણી કરવામાં આવેલ. સંસ્થા પરિવાર દ્વારા શ્રી દેવલભાઈ શાહને ખૂબ-ખૂબ અભિનંદન સાથોસાથ આપ ભવિષ્યમાં ખૂબ જ પ્રગતિ કરો તેવી શુભેચ્છા.

- **શ્પેશ્યલ થેંકસ**





**શ્રી જયેશભાઇ દેસાઇ :** સંસ્થાના દાતા તથા શુભેચ્છક શ્રી જયેશભાઇ દેસાઇ કે જેઓ મુંબઇ વસતા હોવા છતા અંકુર સંસ્થાના કોઇ પણ કાર્ય માટે હંમેશા તત્પર રહેતા હોય છે. તાજેતરમાં તેઓને મુંબઇમાં જાણવા મળેલ કે મંદબુદ્ધિ બાળકો માટે હોમીયોપેથી સારવાર તેની અક્ષમતાને સ્ટેબલ કરવામાં ઘણા અંશે ઉપયોગી થાય છે. તેઓએ તુરંત ડોકટરોનો સંપર્ક કરી અંકુર સંસ્થામાં હોમીયોપેથીક મેડીકલ કેમ્પનુ સુંદર આયોજન કરી આપેલ અને તેઓ પોતાના વ્યસ્ત શેડયુલમાંથી સમય કાઢી પોતે આ કેમ્પ માં હજાર રહેલ તે બદલ અંકુર પરીવાર શ્રી જયેશભાઇ દેસાઇ તથા હોમીયોપેથી મેડિકલ ટીમના ખુબ ખુબ આભારી છે.



- **શ્રીમતિ ઉમાબેન શર્મા :** શાળામાં નિયમિત રીતે દાતાઓ, શુભેચ્છકો મુલાકાત માટે આવતા હોય છે જેમાથી ઘણી વ્યકિતઓ શાળાની પ્રવૃત્તિઓ નિહાળીને શાળામાં વોલિન્ટરી સેવા આપવા માટે પ્રેરાતા હોય છે તેના માટે તેઓ પોતાના અતિ વ્યસ્ત શિડયુઅલમાંથી સમય કાઢી શાળામાં સેવા આપવા આવતા હોય છે આવીજ એક વ્યકિત તરીકે શ્રીમતિ ઉમાબેન શર્મા શાળાનાં બાળકોની વર્તણુંક સમસ્યાઓ અંગેના નિવારણ માટે શાળામાં વોલિન્ટરી કાર્ય કરે છે તેઓએ અત્યાર સુધીમાં ૩૦ વાલીઓને જુદી-જુદી સમસ્યાઓમાં માર્ગદર્શન પુરુ પાડેલ. જે બદલ ‘અંકુર’ પરીવાર તેમનો હૃદય પૂર્વક આભાર વ્યકત કરે છે.

- **શ્રી વિનુભાઇ રાઠોડની સેવા નિવૃત્તિ**



અંકુરમાં સન ૧૯૯૧ થી જુનીયર કલાર્ક તરીકે જોડાયેલ શ્રી વિનુભાઇ રાઠોડ ૨૯ વર્ષની દીર્ઘ અવધિ સુધી સંસ્થાની નિષ્ઠાપૂર્વક સેવા બજાવી વય મર્યાદાને કારણે એપ્રિલ ૨૦૨૦ માં રીટાયર થયા છે...

અંકુરની બે દશકાની સંઘર્ષ યાત્રાના તે સાક્ષી રહ્યા છે. તેણે એકજ કેડરમા અનેક પરિવેશમાં અંકુરની કામગીરી બજાવી છે. અંકુરના શરૂઆતના કપરા સમયમાં તેણે કલાર્ક, એકાઉન્ટન્ટ, સુપ્રીટેન્ડન્ટ, પ્યુન, લાયેજન ઓફિસર વિગેરે ભૂમિકા સુંદર રીતે નિભાવી છે. સંસ્થા પ્રત્યેની તેની વફાદારી અને સમર્પણ આદર પાત્ર છે.

ત્રણ દાયકાના કાર્યકાળમાં સંસ્થાના વિકાસ અને વિસ્તારની સાથે તેમનુ કામનુ ભારણ સતત વધતુ રહ્યુ તેમ છતાં ફરજનિષ્ઠા, હિસાબી ચોકસાઇ વિગેરે બાબતો માટે તે અભિનંદનને પાત્ર છે. અંકુર પરીવારના તે અભિન્ન અંગ રહ્યા છે.

તેમને આનંદ અને શાંતિપૂર્ણ નિરામય જીવનની શુભ કામના.



# ૮. વિવિધ પ્રોજેક્ટ

## વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે સંસ્થામાં ચલાવવામાં આવતા વિવિધ પ્રોજેક્ટ

- **રીક્ષા સહાય પ્રોજેક્ટ**




સંસ્થામાં મંદબુધ્ધિવાળા બાળકોને વિનામૂલ્યે તાલીમ આપવામાં આવે છે. જેમાં મોટાભાગના વિદ્યાર્થીઓ ગરીબ, અને સાવ અંતરિયાળ વિસ્તારોમાંથી આવે છે. આવી કારમી મોંઘવારીમાં બાળકોના વાલીઓ માટે બે ટંકનું ભોજન પણ જયારે દોહ્યલું છે ત્યારે તેમણે શાળાએ આવવા-જવાનો ખર્ચ પણ ન પોસાય એ સમજી શકાય તેવી વાત છે. આ માટે સંસ્થાએ 'રીક્ષા સહાય પ્રોજેક્ટ' અમલમા મુકેલ છે. જેમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન કુલ ૧૦૫ બાળકોને રૂા.૧,૭૪,૩૦૫/- રીક્ષા સહાય ચૂકવેલ છે. આ પ્રોજેક્ટનું શ્રી વિનુભાઈ જે. રાઠોડ, શ્રી હરદીપભાઈ જે. કામળીયા આચાર્યશ્રી મેઘજીખાન કે. સાયબાણીનાં માર્ગદર્શન હેઠળ સરસ રીતે સંકલન કરી રહયાં છે.

- **દત્તક ફંડ પ્રોજેક્ટ**

સંસ્થાનો મુખ્ય હેતુ મંદબુધ્ધિ બાળકોને તાલીમ આપી સમાજની મુખ્ય ધારામાં ભેળવવાનો છે. જે હેતુ ને પરીપૂર્ણ કરવા સંસ્થા ધ્વારા બાળકોને નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે પણ બાળકની અન્ય જરૂરીયાતો પણ હોય છે. જેમાં તેને તબિબિ સહાય, શૈક્ષણિક સાધનો, યુર્નિફોર્મ, શાળાએ આવવા-જવાનું વાહન ભાડું, અન્ય અપંગતાના વિશિષ્ટ સાધનો, રમત-ગમતના સાધનો, સાંસ્કૃતિક કાર્યક્રમ-જેવી અનેક જરૂરિયાતવાળી બાબતોમાં આર્થિક અવલંબન રાખવું પડતું હોય છે. આવી જરૂરિયાતોને કારણે બાળકની પ્રગતિ અટકે નહી અને તેનો વિકાસ સતત ચાલુ રહે તે ખાસ જોવું પડે છે. એ માટે સંસ્થામાં 'મંદબુધ્ધિ બાળક દત્તક ફંડ પ્રોજેક્ટ' કાર્યરત છે જેમા દાતા એક બાળક દત્તક લઈ રૂા. ૧,૦૦,૦૦૦/- 'કોર્પસ ફંડ' માં આપે છે. જેના વ્યાજની આવકમાંથી બાળકની આવી જરૂરીયાતો પૂરી કરવામાં આવે છે. દાતાશ્રીઓને આ બાળકોનો સંપૂર્ણ પ્રગતિ-અહેવાલ વર્ષાંતે પહોંચાડવામાં આવે છે. આ સમગ્ર પ્રોજેક્ટનું કોર્ડિનેશન શ્રી પારસભાઈ પરમાર સંભાળી રહયાં છે.



- **યુનિફોર્મ સહાય પ્રોજેક્ટ**

શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને વિનામુલ્યે યુનિફોર્મ આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન કુલ રકમ રૂા.૫૩,૮૮૦/- યુનિફોર્મ સહાય કરેલ.




- **નાઈશા વી. શાહ સ્ટાફ વેલફેર કોર્પસ ફંડ**

"નાઈશા વી. શાહ સ્ટાફ વેલફેર કોર્પસ ફંડ" માટે મળેલ રકમનાં વ્યાજમાંથી સંસ્થાનાં ટ્રસ્ટ સ્ટાફ સેટ-અપનાં કર્મચારીઓને વર્ષ દરમ્યાન મેડીકલ સહાય રૂા.૩,૦૦૦/- શૈક્ષણિક સહાય રૂા.૨,૦૦૦/- આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન કુલ ૨૨ કર્મચારીઓને રૂા.૯૪,૧૪૧/- ની સહાય ચૂકવવામાં આવેલ છે.


# ૯. નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી

નેશનલ ટ્રસ્ટ અંતર્ગત મંદબુધ્ધિ બાળકો માટે અનેક ઉપયોગી યોજનાઓ અમલમાં છે જેમાં મુખ્યત્વે...

| | | |
|---|---|---|
| નિરામય હેલ્થ ઈન્સ્યોરન્સ | : | મેડીકલેઈમ |
| સમર્થ | : | લાંબા ગાળાની નિવાસી સુવિધા |
| ઘરૌંદા | : | કાયમી આવાસિય સુવિધા |
| લીગલ ગાર્ડીઅનશીપ | : | કાયદેસરના વાલી નિમવાની યોજના |

- **આશય ડે-કેર સેન્ટર**


નેશનલ ટ્રસ્ટ દ્વારા ઘણા પ્રોજેકટ ચલાવવામાં આવે છે જે અંતર્ગત શાળામાં વિશિષ્ટ બાળકો માટે 'આશય ડે-કેર સેન્ટર' હેઠળ ''વિકાસ પ્રોજેકટ'' ચલાવી રહ્યા છીએ. જેમાં કુલ ૨૮ બાળકો આ પ્રોજેકટ અંતર્ગત તાલીમ મેળવી રહયાં છે.




- **નિરામય (મેડીકલ હેલ્થ ઈન્સ્યોરન્સ પોલીસી)**

આ આરોગ્ય વીમો મેડીકલેઈમ પ્રકારનો છે જેમાં ઉંમર અને ભૂતકાળની બીમારીઓના સંદર્ભને ધ્યાનમાં લીધા વિના બાળક માટે રૂા.૧,૦૦,૦૦૦/- સુધી ઓપરેશન, સારવાર, થેરાપી, આઉટડોર ટ્રીટમેન્ટનો ખર્ચ આપવામાં આવે છે.

આ યોજના વાલીઓ માટે આશિર્વાદરૂપ છે. વીમાનાં પ્રીમીયમની રકમ પણ ઘણી ઓછી છે. પ્રથમ વખત માટે બી.પી.એલ. કાર્ડ ધારક માટે વાર્ષિક પ્રીમીયમ રૂા.૨૫૦/- તથા નોન-બી.પી.એલ. માટે વાર્ષિક પ્રીમીયમ રૂા.૫૦૦/- છે. રીન્યુઅલ પ્રીમીયમ બી.પી.એલ. કાર્ડ ધારક માટે રૂા.૫૦/- અને નોન-બી.પી.એલ. માટે રૂા.૨૫૦/- છે. હવે રાજય સરકાર દ્વારા પ્રિમીયમની ચૂકવણી થાય છે જેથી આવી અપંગતા ધરાવતા બાળકોના વાલીઓએ આ પોલીસી નિયમિત લેવી જરૂરી છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન કુલ રૂા.૫૪,૬૦૦/- નિરામયા પ્રિમિયમની રકમ સમાજ સુરક્ષા ખાતા દ્વારા ચૂકવવામાં આવેલ.



નિરામય હેલ્થ પોલિસીની યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦ દરમીયાન ન્યુ પોલિસી ૩૪ તેમજ રીન્યુઅલ પોલિસી ૨૨૧ કુલ ૨૫૫ (શાળા તેમજ શાળા સિવાયનાં લાભાર્થીઓ) એ પોલીસી કરાવેલ. આ સંપૂર્ણ કામગીરી શાળાનાં કમ્પ્યુટર ઓપરેટર શ્રી મયુરભાઈ રાઠોડ સુંદર રીતે સંભાળી રહયાં છે.

તેમજ આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન ૬૭ મેડીકલેઈમ કરવામાં આવેલ. અને અંદાજીત રૂા.૮૮,૪૦૦/- સુધીની રકમના કલેઈમ મળેલ છે. આ કામગીરી શ્રી પારસભાઈ પરમાર સંભાળી રહયાં છે.

- ભાવનગર જિલ્લા લોકલ લેવલ કમિટીમા 'અંકુર' શાળા મેમ્બર છે. નેશનલ ટ્રસ્ટની વધુ જાણકારી માટે સંસ્થામાં ફ્રિ પેમ્ફલેટ ઉપલબ્ધ છે.


# ૧૦. સ્વ.શ્રી શશીકાંત સાકરલાલ વેલાણી ટીચર્સ ટ્રેઈનીંગ કોલેજ ફોર મેન્ટલ રીટાર્ડેશન

'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા ટ્રસ્ટ સંચાલિત સ્વ.શશીકાંત સાકરલાલ વેલાણી ટીચર્સ ટ્રેઈનીંગ કોલેજ ફોર મેન્ટલ રીટાર્ડેશન વર્ષ ૨૦૦૩ થી કાર્યરત છે આ કોલેજને RCI (રિહેબીલીટેશન કાઉન્સીલ ઓફ ઈન્ડિયા) ન્યૂ દિલ્હી દ્વારા પ્રમાણિત કરવામાં આવે છે. જેને ૨૦૨૦ સુધી મંજૂર થયેલ છે. કો. ઓર્ડિનેટર ડો. શ્રી ભાવીકાબેન કામદાર તથા શ્રી રિધ્ધિબેન મહેતા આ ડિપાર્ટમેન્ટ સુંદર રીતે સંભાળી રહ્યાં છે.

- શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯માં ૨૧ વિદ્યાર્થીઓ અને ૨૦૧૯-૨૦માં ૨૪ વિદ્યાર્થીઓ થઈને કુલ ૪૫ વિદ્યાર્થીઓ હાલમાં તાલીમ મેળવી રહયાં છે. આ તમામ વિદ્યાર્થીઓ રાજસ્થાન અને ગુજરાતમાંથી આવે છે. સવારનાં સમયગાળામાં તેમનાં વિવિધ વિષયનાં લેકચરર્સ હોય છે. બપોરનાં સમય પછી તેમને પ્રેકટીકલ લેશન, આઈ.પી. તથા બાળકો સાથેની વિવિધ તાલીમ આપવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૯-૨૧ બેચનું પ્રથમ વર્ષનું રીઝલ્ટ ૮૦% આવેલ છે.
- ૨૬ અને ૨૭ નવેમ્બર-૨૦૧૯ દરમ્યાન યોજાયેલ જિલ્લા કક્ષાનાં ખેલમહા-કુંભમાં તમામ વિદ્યાર્થીઓએ વોલિન્ટીયર્સ તરીકે અદ્ભૂત કાર્ય કરેલ. શ્રી તુષારભાઈ જોગલેકર (ગ્રોથ એન્ડ ડેવલપમેન્ટ મેનેજર) દ્વારા આ તમામ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર ધ્વારા સન્માનીત કરવામાં આવેલ.









- વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી, જન્માષ્ટમી, પ્રજાસત્તાક દિનની ઉજવણી તેમજ વિવિધ તહેવારોની ઉજવણીમાં દરેક તાલીમાર્થીઓને કાર્યક્રમોમાં ખૂબજ રસપૂર્વક ભાગ લે છે.
- ૨૦૧૯-૨૦નાં નવા પ્રવેશ પામેલ તાલીર્થીઓ પી.એન.આર. સંસ્થા અંતર્ગત બહેરા-મુંગા શાળા, નટરાજ સી.પી. સેન્ટર, અંધઉદ્યોગ શાળા, 'અંકુર' શાળાની વિઝીટ કરાવવામાં આવેલ.
- વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન એકસપર્ટ લેકચર તરીકે શ્રી મેઘજીભાઈ સાચબાણી અને શ્રી હરદિપભાઈ કામળીયા અને શ્રી નેહલબેન ગઢવીનાં લેકચર્સનું આયોજન કરવામાં આવ્યું હતું.
- **RCI** વેસ્ર્ટનઝોન કોર્સ કોર્ડિનેટર મીટ ૨૦૨૦ માં અંકુર ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજમાંથી શ્રી રિદ્ધિબેન મહેતાએ ભાગ લીધેલ.

કોલેજની સ્થાપના થી લઈ આજ સુશ્રી રેશમાબેન શાહે ખુબ જહેમત લઈ તેનો વિકાસ કર્યો છે અને આપણી કોલેજની ગુડવીલ ઉભી કરી છે જે બદલ સંસ્થા તેનો આભાર વ્યકત કરે છે.







# ૧૧. માનવંતા મુલાકાતીઓ

*સંસ્થામાં મહાનુભાવો, શુભેચ્છકો અને વિદ્યાર્થીઓની મુલાકાતોનો પ્રવાહ અવિરત ચાલુ રહે છે.*

| ક્રમ | તારીખ | નામ/સંસ્થા |
|---|---|---|
| ૧ | તા.૧૨/૦૭/૨૦૧૯ | શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ - સરદારનગર, ભાવનગર |
| ૨ | તા.૧૨/૦૭/૨૦૧૯ | શ્રી ભાવનગર યુનિવર્સીટી સાયકોલોજી ડિપાર્ટમેન્ટ - ભાવનગર |
| ૩ | તા.૨૨/૦૭/૨૦૧૯ | શ્રી સહજાનંદ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ - અકવાડા |
| ૪ | તા.૨૪/૦૭/૨૦૧૯ | શ્રી મહારાણી નંદકુવરબા કોલેજ - ભાવનગર |
| ૫ | તા.૩૧/૦૭/૨૦૧૯ | શ્રી ખી.લ. બહેરા મુંગા શાળા એચ.આઇ. ટ્રેઈનિંગ કોલેજના તાલીમાર્થીઓ- ભાવનગર |
| ૬ | તા.૦૨/૦૮/૨૦૧૯ | શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધઉદ્યોગ શાળા, વી.આઇ. ટ્રેઈનિંગ કોલેજના તાલીમાર્થીઓ - ભાવનગર |
| ૭ | તા.૦૯/૦૮/૨૦૧૯ | શ્રી ભુમિકા સી. કોરીયા ડેપ્યુટી કલેકટર (S.D.M ઘોઘા) |
| ૮ | તા.૨૩/૦૮/૨૦૧૯ & તા.૧૩/૦૨/૨૦૨૦ | શ્રીમતિ વૈશાલીબેન જોષી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી - ભાવનગર. |
| ૯ | તા.૨૧/૦૯/૨૦૧૯ | શ્રી ગગજીભાઈ જી. સુતરીયા પ્રા. શાળા કાળીયાબીડ, ભાવનગર. |
| ૧૦ | તા.૨૩/૦૯/૨૦૧૯ | શ્રી કનુભાઈ બી. શાહ, શ્રી સતિષભાઈ કે. મહેતા તથા શ્રી ક્ષેત્રિકભાઈ આર. શાહ - મુંબઈ (દાતાશ્રીઓ) |
| ૧૧ | તા.૦૧/૧૦/૨૦૧૯ | શ્રી જ્ઞાનમજંરી શાળા - ભાવનગર |
| ૧૨ | તા.૧૧/૧૦/૨૦૧૯ | ડો.શ્રી હેમંતકુમાર બી. મહેતા ડીન. મેડિકલ કોલેજ, ભાવનગર |
| ૧૩ | તા.૧૧/૧૦/૨૦૧૯ | ડો. ચિન્મય શાહ - સર.ટી. હોસ્પિટલ ભાવનગર |
| ૧૪ | તા.૨૯/૧૦/૨૦૧૯ | શ્રી લલિતભાઈ કે. પારેખ - U.S.A. (દાતાશ્રી) |
| ૧૫ | તા.૨૪/૧૨/૨૦૧૯ | સ્વ.શ્રી વી. એચ મહેતા કન્યા છાત્રાલય - રાજુલા સ્વ.શ્રી એચ. બી સંઘવી મહિલા કોલેજ - રાજુલા |
| ૧૬ | તા.૨૬/૦૧/૨૦૨૦ | પૂ. પાદ ગૌસ્વામી ૧૦૮ શ્રી યદુનાથજી મહારાજ - વડોદરા |
| ૧૭ | તા.૩૦/૦૧/૨૦૨૦ | શ્રી મારૂતિ કોલેજ - ભાવનગર |
| ૧૮ | તા.૨૦/૦૨/૨૦૨૦ | શ્રી અંબ્રિતા શાન્ડલીયા (ટી.વી. કલાકાર) - અમદાવાદ |
| ૧૯ | તા.૨૨/૦૨/૨૦૨૦ | શ્રી હરેશભાઈ એન. સંઘવી (વિણા ડેવલોપર્સ) - મુંબઈ શ્રી અવિનાશ ગાંધી (સોલ મોબાઇલ) - મુંબઈ |
| ૨૦ | તા.૨૮/૦૨/૨૦૨૦ | શ્રી રોટરી કલબ ઓફ મુંબઈ નોર્થનાં સભ્યો - મુંબઈ |
| ૨૧ | તા.૦૬/૦૩/૨૦૨૦ | શ્રી કે. આર. રામામુરતી (ડિરેકટર નિલકમલ પ્લાસ્ટિક લી.) - બેંગ્લોર |
| ૨૨ | તા.૦૬/૦૩/૨૦૨૦ | શ્રી વામનભાઈ પારેખ પરિવાર (નિલકમલ પ્લાસ્ટિક લી.) - મુંબઈ |
| ૨૩ | તા.૧૨/૦૩/૨૦૨૦ | શ્રી પી. જે. ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ - ભાવનગર |
| ૨૪ | તા.૧૩/૦૩/૨૦૨૦ | શ્રી સુનિતાબેન ભંડારી (પ્રયાસ સ્પેશ્યલ સ્કુલ) ઉદયપુર, રાજસ્થાન |

# મુલાકાતીશ્રીઓ
















| Date | Name & Address | Remarks |
|---|---|---|
| 13/02/2020 | આજરોજ સંસ્થા 'અંકુર' શાળા ની મુલાકાત લિધેલ, શાળા M.R. બાળકો માટે ખુબ જ સંવેદનશીલ રીતે કાર્યરત છે. હાલ શાળાનાં સ્પેશ્યલ ટીચર્સ અને તેમના [illegible] ને માટેનાં પ્રયાસો અંગે તથા દિવ્યાંગ બાળકોને માટેના પ્રયાસો અંગે વિસ્તૃત ચર્ચા કરેલ છે. સંસ્થા નેશનલ ટ્રસ્ટ અંતર્ગત રજીસ્ટર્ડ સંસ્થા હોઈ 'વિકાસ' અને 'નિરામયા' સ્કીમ અંતર્ગત કાર્યરત છે અને [illegible] સંસ્થા [illegible] વ્યવહાર સાથે કાર્યરત છે. | Vaishali J. Joshi |
| | [illegible signature] | [illegible] અધિકારી [illegible] ભાવનગર 13/02/2020 |

## ૧૨. આર્થિક સહયોગ

*સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અનંતરાય કે. શાહ (શ્રી બાબાભાઈ) મુંબઈ સ્થિત ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ દેસાઈ, ઉપપ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી, માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, માનદ્ ટ્રઝરર શ્રી દેવલભાઈ શાહ તથા સુ.શ્રી નેહલબેન ગઢવીના પ્રયત્નોથી સંસ્થાના વિવિધ પ્રોજેક્ટ માટે દાનની સરવાણી સતત વહેતી રહે છે.*

| ક્રમ | દાતાનું નામ | રકમ |
|---|---|---|
| ૧. | શ્રી ગલીચાકોટવાળા એન્જીનીયરીંગ કંપની પ્રા. લી. - મુંબઈ | ૭,૫૦,૦૦૦/- |
| ૨. | શ્રી ડી. જી. કોશીયા & બી. જી. કોશીયા - સુરત | ૪,૪૭,૦૦૦/- |
| ૩. | મે. રૌનક કોર્પોરેશન - મુંબઈ | ૩,૦૦,૦૦૦/- |
| ૪. | શ્રી જૈન ગૃહ ઉદ્યોગ - મુંબઈ | ૩,૦૦,૦૦૦/- |
| ૫. | શ્રી જેમ્સ વોકર ઈન્માર્કો ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી. - મુંબઈ | ૩,૦૦,૦૦૦/- |
| ૬. | શ્રીમતિ ગજરાબેન નાનુભાઈ દેસાઈ - મુંબઈ | ૩,૦૦,૦૦૦/- |
| ૭. | શ્રી કે. આર. મહેતા ફાઉન્ડેશન & ચેરીટેબલ ટ્રસ્ટ - મુંબઈ | ૨,૦૦,૦૦૦/- |
| ૮. | શ્રીમતિ ચંદનબેન બાપાલાલ લહેરચંદ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ-મુંબઈ | ૨,૦૦,૦૦૦/- |
| ૯. | શ્રી અનંતરાય શાહ - મુંબઈ | ૨,૦૦,૦૦૦/- |
| ૧૦. | શ્રી કિરણકુમાર રામચંદ તથા રૂચિતાબેન જાની - ભાવનગર | ૧,૫૦,૦૦૦/- |
| ૧૧. | શ્રી અમુલખરાય મોહનલાલ શાહ - ભાવનગર | ૧,૦૦,૦૦૦/- |
| ૧૨. | શ્રી નગીનદાસ હરિલાલ ભાચાણી - ભાવનગર | ૧,૦૦,૦૦૦/- |
| ૧૩. | મે. નારાયણી સિલિકેટ - ભાવનગર | ૧,૦૦,૦૦૦/- |
| ૧૪. | શ્રી રમેશકુમાર વેણીશંકર જાળેલા - વડોદરા | ૧,૦૦,૦૦૦/- |
| ૧૫. | શ્રી સતીષ કાંતીલાલ મહેતા - મુંબઈ | ૧,૦૦,૦૦૦/- |
| ૧૬. | શ્રી હેતલબેન હેમલભાઈ છેડા - સુરેન્દ્રનગર | ૧,૦૦,૦૦૦/- |
| ૧૭. | શ્રી માધવીબેન હેમલકુમાર શાહ - સુરેન્દ્રનગર | ૧,૦૦,૦૦૦/- |
| ૧૮. | મે. હાઈટેક ઈન્વેન્ટમેન્ટ કાસ્ટીંગ - શિહોર | ૧,૦૦,૦૦૦/- |
| ૧૯. | શ્રી ચંદ્રકાંતભાઈ જગજીવનદાસ શાહ - મુંબઈ | ૧,૦૦,૦૦૦/- |
| ૨૦. | શ્રી સતીષભાઈ કાંતીલાલ મહેતા - મુંબઈ | ૧,૦૦,૦૦૦/- |
| ૨૧. | શ્રી સુશીલ કે. પારેખ ફાઉન્ડેશન - મુંબઈ | ૧,૦૦,૦૦૦/- |
| ૨૨. | મે. ટેકનો કલર કોર્પોરેશન - મુંબઈ | ૧,૦૦,૦૦૦/- |
| ૨૩. | મે. જયરાજ એન્ટરપ્રાઈઝ - કરદેજ | ૭૭,૦૦૦/- |
| ૨૪. | મે. જે. જી. & કાું. - ભાવનગર | ૭૭,૦૦૦/- |
| ૨૫. | શ્રી વાઈબ્રન્ટ પ્રોપર્ટી એલ.એલ.પી. - મુંબઈ | ૭૭,૦૦૦/- |
| ૨૬. | ડો. સંજીવ આર. રવિસાહેબ - ભાવનગર | ૭૭,૦૦૦/- |
| ૨૭. | મે. મારૂતી હેલ્થ કેર - ભાવનગર | ૭૭,૦૦૦/- |
| ૨૮. | ડો. ડિમ્પલબેન નિલયભાઈ મહેતા - ભાવનગર | ૭૭,૦૦૦/- |

| | | |
|---|---|---|
| ૨૯. | શ્રી કિશોરભાઈ પી. જોટાણી - U.S.A. | ૬૦,૦૦૦/- |
| ૩૦. | શ્રી નિલેશભાઈ શશીકાન્તભાઈ - ભાવનગર | ૫૧,૦૦૦/- |
| ૩૧. | શ્રી સાંઈપ્રસાદ એન્ટરપ્રાઈઝ - મુંબઈ | ૫૧,૦૦૦/- |
| ૩૨. | શ્રી ભરતભાઈ કે. બુસા - મુંબઈ | ૫૧,૦૦૦/- |
| ૩૩. | શ્રી કેદાર કર્ણિકાન્ત દેસાઈ - વડોદરા | ૫૧,૦૦૦/- |
| ૩૪. | મે. સોલ મોબાઈલ પ્રા. લી. - મુંબઈ | ૫૧,૦૦૦/- |
| ૩૫. | શ્રી આરીફભાઈ અસગરઅલી અસારીયા - ભાવનગર | ૫૧,૦૦૦/- |
| ૩૬. | મે. બી. એસ. એન્ટરપ્રાઈઝ - મુંબઈ | ૫૦,૦૦૦/- |
| ૩૭. | શ્રી શશીકાન્તભાઈ રતીલાલ વાઘર - ભાવનગર | ૫૦,૦૦૦/- |
| ૩૮. | ડો. સાબુ કિડની કેર (ડો. દિપકભાઈ સાબુ) - ભાવનગર | ૪૯,૦૦૦/- |
| ૩૯. | શ્રી મોનાબેન કિરણકુમાર પટેલ - આણંદ | ૩૫,૦૦૦/- |
| ૪૦. | મે. ચાર્મી જયેશકુમાર શાહ - મુંબઈ | ૩૫,૦૦૦/- |
| ૪૧. | ડો. વિશ્નુગીરી જે. ગૌસ્વામી - ભાવનગર | ૩૫,૦૦૦/- |
| ૪૨. | શ્રી આસીત હસમુખરાય ગોહેલ - ભાવનગર | ૩૫,૦૦૦/- |
| ૪૩. | શ્રી ત્રંબકલાલ સુંદરજી કામદાર ચેરીટેબલ ટ્રસ્ટ - ભાવનગર | ૩૧,૦૦૦/- |
| ૪૪. | મે. રેહાન ટાઈમ્સ - ભાવનગર | ૩૦,૦૦૦/- |
| ૪૫. | મે. માયા મરીન & લોજીસ્ટીકસ - ભાવનગર | ૨૮,૦૦૦/- |
| ૪૬. | શ્રી ઓમ શાન્તી ટ્રસ્ટ - ભાવનગર | ૨૮,૦૦૦/- |
| ૪૭. | શ્રી હેતલ એન. શાહ - ભાવનગર | ૨૮,૦૦૦/- |
| ૪૮. | શ્રી રોટરી કલબ - ભાવનગર | ૨૮,૦૦૦/- |
| ૪૯. | શ્રી અશોકભાઈ શેઠ & શ્રી ગૌરવભાઈ એ. શેઠ - ભાવનગર | ૨૫,૦૦૦/- |
| ૫૦. | શ્રી એકસલ ક્રોપ કેર લીમીટેડ - ભાવનગર | ૨૫,૦૦૦/- |
| ૫૧. | શ્રી સમીરભાઈ પરશોત્તમદાસ ઠક્કર - ભાવનગર | ૨૫,૦૦૦/- |
| ૫૨. | મે. અરિહંત સ્ટાર્ચ પ્રોડકટસ - મુંબઈ | ૨૫,૦૦૦/- |
| ૫૩. | મે. પર્વ મેટલ પ્રોસેસીંગ કું. - રાજકોટ | ૨૫,૦૦૦/- |





સૌ દાતાઓનો ખૂબ-ખૂબ આભાર...

## ૧૩. અંકુર પરિવાર



- **બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી અનંતરાય કે. શાહ (શ્રી બાબાભાઈ) | મેનેજીંગ ટ્રસ્ટી |
| ૨. | શ્રી શશીકાન્તભાઇ આર. વાઘર | ટ્રસ્ટી |
| ૩. | શ્રી વિનોદરાય એન. હકાણી | ટ્રસ્ટી |
| ૪. | શ્રી રાજેશભાઈ એન. હકાણી | ટ્રસ્ટી |
| ૫. | શ્રી પ્રકાશભાઈ એન. દેસાઈ | ટ્રસ્ટી |
| ૬. | શ્રી અલ્પેશભાઈ કે. શેઠ | ટ્રસ્ટી |
| ૭. | શ્રી ઉદયભાઈ એચ. ભટ્ટ | ટ્રસ્ટી |
| ૮. | શ્રી દેવેન્દ્રભાઈ આર. શેઠ | ટ્રસ્ટી |

- **કારોબારી સમિતિના સભ્યશ્રીઓ.**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી શશીકાન્તભાઈ આર. વાઘર | પ્રમુખ |
| ૨. | શ્રી વિનોદરાય એન. હકાણી | ઉપપ્રમુખ |
| ૩. | શ્રી અનિરુદ્ધસિંહ ગોહિલ | ઉપપ્રમુખ |
| ૪. | શ્રી અલ્પેશભાઈ કે. શેઠ | માનદ્ મંત્રી (એડમિન) |
| ૫. | શ્રી ડી. જે. ધંધુકિયા | માનદ્ મંત્રી (એકેડેમિક) |
| ૬. | શ્રી દેવલભાઇ જે. શાહ | માનદ્ ટ્રેઝરર |
| ૭. | શ્રી અનંતરાય કે. શાહ (શ્રી બાબાભાઈ) | સભ્ય |
| ૮. | શ્રી ઉદયભાઈ એચ. ભટ્ટ | સભ્ય |
| ૯. | શ્રી પ્રકાશભાઈ એન. દેસાઈ | સભ્ય |
| ૧૦. | શ્રી અનંતરાય એ. શાહ (શ્રી મફતભાઈ) | સભ્ય |

* **કારોબારી સલાહકાર કમિટીના સભ્યશ્રીઓ.**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પારસભાઈ સી. શાહ | સભ્ય |
| ૨. | શ્રી હર્ષકાન્તભાઈ પી. રાખસીયા | સભ્ય |
| ૩. | શ્રી કમલેશભાઇ કે. ભડીયાદ્રા | સભ્ય |
| ૪. | શ્રી બિંદીબેન ડી. ત્રિવેદી | સભ્ય |

* **સ્ટાફ પરિવાર (ગવર્નમેન્ટ સેટઅપ)**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી મેઘજીખાન કે. સાયબાણી (B.A., D.S.E. & B.Ed. (M.R.)) | આચાર્ય |
| ૨. | શ્રી પારૂલબેન બી. પાઠક (M.A., D.S.E. & B.Ed. (M.R.)) | સ્પે. એજયુકેટર |
| ૩. | શ્રી જયપાલસિંહ જે. ગોહિલ (B.A., D.S.E. & B.Ed. (M.R.)) | સ્પે. એજયુકેટર |
| ૪. | શ્રી નેહલબેન આર. ગઢવી (M.H.R.D., B.A., D.S.E. & B.Ed. (M.R.)) | સ્પે. એજયુકેટર |
| ૫. | શ્રી રેશ્માબેન એ. શાહ (M.A., D.S.E. & B.Ed. (M.R.) M.A.Edu., D.E.N.) | સ્પે. એજયુકેટર |
| ૬. | શ્રી પારસભાઈ એમ. પરમાર (M.Com., D.S.E. (M.R.)) | સ્પે. એજયુકેટર |
| ૭. | શ્રી હરદીપભાઈ જે. કામળીયા (M.A., D.S.E. (M.R.)) | સ્પે. એજયુકેટર |
| ૮. | શ્રી હીનાબેન બી. ગળથરીયા (M.A., B.Ed. (H.I.), T.T.N.C.) | ઉદ્યોગ શિક્ષક |
| ૯. | શ્રી રહીશમહંમદ એ. કાદરી | એટેન્ડન્ટ |

* **સ્ટાફ પરિવાર. (ટ્રસ્ટ સેટઅપ)**

| | | |
|---|---|---|
| ૧. | ડો. શ્રી ભાવનાબેન પી. અંધારિયા (Ph.D., Sp. B.Ed. (M.R.)) | મ્યુઝીક થેરાપીસ્ટ |
| ૨. | શ્રી ક્રિષ્નાબેન કે. રૂપેરા (B.A., Sp. B.Ed. (M.R.)) | સ્પે. એજયુકેટર |
| ૩. | શ્રી આરીફભાઈ એસ.જેઠવા (B.A., D.S.E. (M.R.)) | સ્પે. એજયુકેટર |
| ૪. | શ્રી કોમલબેન એ. રૂપેરા (M.Com., Sp. B.Ed. (M.R.), T.T.N.C., Pre-P.T.C.) | સ્પે. એજયુકેટર |
| ૫. | શ્રી રિધ્ધિબેન વી. મહેતા (M.A., D.S.E. (M.R.), T.T.N.C.) | સ્પે. એજયુકેટર |
| ૬. | શ્રી પ્રતિક્ષાબેન વી. નાવડીયા (M.A., B.Ed., T.T.N.C.) | વોકેશનલ ટ્રેઈનર |
| ૭. | ડો. શ્રી રાધિકાબેન એચ. રાઠોડ (B.P.T.) | ફિઝીયોથેરાપીસ્ટ |
| ૮. | શ્રી પ્રજ્ઞાબેન આર. ચૌહાણ (S.S.C., Pre. P.T.C.) | શિક્ષક |
| ૯. | શ્રી ભાવનાબેન એચ. વર્મા (B.A., Pre. P.T.C.) | વોકેશનલ ટ્રેઈનર |
| ૧૦. | શ્રી અમિતાબેન આર. પટેલ (S.S.C.) | શિક્ષક |
| ૧૧. | ડો. શ્રી ભાવિકાબેન વી. કામદાર (Ph.D., Sp. B.Ed.(M.R.)) | કોઓર્ડિનેટર (T.T.C.) |
| ૧૨. | શ્રી મોનાલીબેન એમ. ઉપાધ્યાય (B.A., C.G.) | કેર ગીવર્સ |
| ૧૩. | શ્રી અનસુયાબેન ડી. બારડ (S.S.C., C.G.) | કેર ગીવર્સ |
| ૧૪. | શ્રી શમીમબેન જે. મકવાણા (H.S.C., T.T.N.C., C.G.) | કેર ગીવર્સ |
| ૧૫. | શ્રી પ્રતિભાબેન એસ. રાણા (S.S.C.) | કેર ટેકર |
| ૧૬. | શ્રી નમ્રતાબેન ટી. જોગલેકર (B.O.T.) | ઓકયુપેશનલ થેરાપીસ્ટ |
| ૧૭ | શ્રી હેમાંગીબેન આર. પાઠક (M.Com., P.T.C.) | શિક્ષક |
| ૧૮. | શ્રી મનિષભાઈ જી. જોલીયા (H.S.C., P.T.C.) | વોકેશનલ ટ્રેઈનર |
| ૧૯. | શ્રી બીનાબેન એ. ગોહેલ (H.S.C., C.G.) | વોકેશનલ ટ્રેઈનર |

- **ઓફિસ સ્ટાફ (ટ્રસ્ટ સેટઅપ)**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પ્રમોદભાઈ સી. ગાંધી (B.Com,) | ઓફિસ સુપ્રીન્ટેન્ડન્ટ |
| ૨. | શ્રી વિનુભાઈ જે. રાઠોડ (B.Com,) | એકાઉન્ટન્ટ |
| ૩. | શ્રી મયુરભાઈ ડી. રાઠોડ (H.S.C.) | કમ્પ્યુટર ઓપરેટર |
| ૪. | શ્રી ભાવિષાબેન એમ. પારેખ (B.Com,) | રીસેપ્શનીસ્ટ |

- **સહાયકો**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી નરેશભાઈ બી. ચૌહાણ | એટેન્ડન્ટ |
| ૨. | શ્રી ઉમાબેન જે. ગોહેલ | આયા |
| ૩. | શ્રી હંસાબેન જી. ધોળકીયા | આયા |
| ૪. | શ્રી રેખાબેન બી. ચુડાસમા | કેર ટેકર |
| ૫. | શ્રી નરેન્દ્રભાઈ એ. ગોહેલ | સ્વીપર |
| ૬. | શ્રી ચીથરભાઈ પી. ચોહલા | ચોકીદાર |
| ૭. | શ્રી સોનલબેન આર ચોહલા | ચોકીદાર |

- **સહયોગી સંસ્થાઓ, વોલેન્ટિયર્સ અને મિડીયા પાર્ટનર્સ**
  - પી.એન.આર. સોસાયટી, ભાવનગર
  - વી. સી. લોઢાવાળા હોસ્પિટલ, ભાવનગર.
  - આર.સી.આઈ., ન્યુ દિલ્હી
  - એન.આઈ.એમ.એચ., સીકંદરાબાદ
  - નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી
  - સ્પેશ્યલ ઓલમ્પીકસ, ગુજરાત
  - ખોડિયાર એજ્યુકેશનલ ટ્રસ્ટ, મેહસાણા - સ્નેક
  - સમગ્ર પ્રીન્ટ તથા ઇલેક્ટ્રોનીકસ મીડીયા
  - વિકાસ વર્તુળ ટ્રસ્ટ, વિજ્ઞાનનગરી, ભાવનગર
  - શૈશવ, ભાવનગર.
  - ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ- પી.જી. હેમાણી, ભાવનગર. (ઓડીટર્સ)
  - એસ.બી.આઇ. સરદારનગર તથા કૃષ્ણનગર, ભાવનગર. (બેંકર્સ)
  - બેંક ઓફ ઈન્ડિયા કૃષ્ણનગર ભાવનગર. (બેંકર્સ)



# દિવ્યાંજલી

જીવનનું પ્રથમ પગલું તે મૃત્યુ તરફ નું પણ પ્રથમ પગલું છે. જીવનના સંબંધોની એક નિયતી મૃત્યુનો સ્વીકાર પણ છે. બસ આપણે તો સાક્ષી બની આ બધી ઘટનાઓને જોવાની હોય છે. પણ અમુક જીવન, અમુક સંબંધો અને તેની આસપાસની ઘટનાને આટલી સહજતાથી સ્વીકારી શકાતી નથી. કારણ એ વ્યકિત અને તેની સાથેના સંબંધ એ આપણા જીવવાનું પ્રેરકબળ હોય છે. જયારે કોઈ વ્યકિત જીવનમાંથી ચાલી જાય છે ત્યારે તે વ્યકિત ફકત જતી નથી પરંતુ આપણું અડધું અસ્તિત્વ લઈને જાય છે. આવા સમયે ‘અંકુર’ સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, સ્ટાફનાં સભ્યો તથા બાળકો વિગેરે ઉંડા શોક અને આઘાતની લાગણી અનુભવે છે.

આ દુઃખદ અવસાનની જે ઘટનાઓ બની તેમાં અમે તથા અંકુરનાં મંદબુદ્ધિવાળા બાળકોની પ્રાર્થના આપની સાથે છે. આપનાં પરિવાર ઉપર આવી પડેલ આ આઘાત સહન કરવાની પ્રભુ આપને શકિત આપે અને સદ્ગતનાં આત્માને પ્રભુ શાંતિ આપે તેવી અભ્યર્થના સાથે અંકુર પરિવાર દિલસોજી સાથે સાંત્વના પાઠવે છે.

ૐ શાંતિ... શાંતિ... શાંતિ...



સ્વ. શ્રી રેખાબેન ગલીયાકોટવાલા




સ્વ. શ્રી વિમળાબેન શાહ





સ્વ. શ્રી ભાસ્કરભાઈ ભાવસાર



સ્વ. શ્રી વજુભાઈ રાઠોડ

## : દાનની અપીલ :

માનસિક વિકલાંગ બાળકોની ખોડંગાતી જિંદગીની વેદના, તેના સદાય ચિંતિત મા-બાપની જીવનભરની વ્યથાનો પ્રત્યક્ષ અનુભવ કરવા આ સાધનાક્ષેત્રની મુલાકાત લેવા માટે આપ સૌને અમારું આમંત્રણ છે.

**Mentally Handicapped are Victims of fate, they should not be victims of our Neglect.**

આ અભિશપ્ત બાળકને ખિલવવું અને હસાવવું એ ઈશ્વરની ઉપાસનાથી જરાય ઓછું નથી. આ પરમાર્થિક સેવાયજ્ઞમાં જોડાવા અને ઉદાર હાથે દાન આપવા આપને હાર્દિક અપીલ છે.

## આપ ડોનેશન ઉપરાંત આ રીતે પણ સહાય કરી શકો છો...


- આપની વિશિષ્ટ અને ઉત્કૃષ્ટ આવડતનું અમારી સાથે સંકલન અને સંયોજન કરીને...
- શાળાના જરૂરીયાતમંદ બાળકોને દત્તક લઈને...
- વિકલાંગ બાળકોના કલ્યાણ અને ઉત્થાન માટેના કાર્યક્રમો સ્પોન્સર કરીને...
- માનસિક વિકલાંગો દ્વારા બનાવેલ હેન્ડીક્રાફ્ટની ચીજવસ્તુઓ ખરીદીને...
- મંદબુધ્ધિ ધરાવતી વ્યક્તિને તેને અનુરૂપ નોકરી-રોજગારી આપીને...
- પારિવારિક, સામાજિક, શૈક્ષણિક, વ્યવસાયિક ક્ષેત્રે મંદબુધ્ધિ વ્યક્તિના સ્વિકાર અને સમાયોજન દ્વારા...

**માનસિક વિકલાંગ બાળકોનાં જીવનની આજ અને આવતીકાલને બહેતર બનાવવા, આવો આપણે સૌ સાથે મળીને પુરૂષાર્થ કરીએ.**



*તમારી પાસે કેટલુ છે તે અગત્યનુ નથી*
*તમે કેટલુ આપો છો તે મહત્વનુ છે*

<u>**સંસ્થાની જરૂરીયાતની યાદી**</u>

| | | | |
|---|---|---|---|
| ૧ |  | **<u>દત્તક ફંડ સહાય</u>**<br>૧ મંદબુધ્ધિ બાળકને દત્તક લેવા<br>(આજીવન) | ૧,૦૦,૦૦૦/- |
| ૨ |  | **<u>યુનિફોર્મ સહાય</u>**<br>૫૦૦×૨ = ૧૦૦૦/- (૧ બાળક, બે જોડી)<br>૧૮૦(બાળકો) × ૧૦૦૦/- = ૧,૮૦,૦૦૦/- | ૧,૮૦,૦૦૦/- |
| ૩ |  | **<u>રીક્ષા સહાય</u>**<br>૬૫૦ × ૧૧ માસ × ૧૩,૬૫૦/- (૧ બાળક)<br>૨૧ બાળકો × ૧૩,૬૫૦/-= ૨,૮૬,૬૫૦/- | ૨,૮૬,૬૫૦/- |
| ૪ | <br><br> | શાળાના ૫ વર્ગો તથા ૧ હોલ માટે ફર્નીચર, સોફટબોર્ડ, ડીસ્પ્લે બોર્ડ, ટીફીન તથા સ્કુલ બેગ મુકવા માટેના કબાટ | ૫,૦૦,૦૦૦/- |

| | | | |
|---|---|---|---|
| ૫ |  | ઝેરોક્ષ મશીન અને કલર પ્રિન્ટર | ૨,૫૦,૦૦૦/-<br>(અંદાજિત) |
| ૬ |  | સોલાર રૂફટોપ પ્રોજેકટ | ૮,૦૦,૦૦૦/-<br>(અંદાજિત) |

**"આ માનસિક વિકલાંગ બાળકોની જરૂરિયાત નથી તેના વિકાસના પગથિયા છે."**

**સંસ્થાને અપાતુ દાન U/S 80 G મુજબ કરમુકત છે.**

**સંસ્થા વિદેશી ડોનેશન માટે FCRA હેઠળ માન્યતા ધરાવે છે.**

**: નીચે જણાવેલ નામના ચેક/ડ્રાફટ દ્વારા સહાય મોકલી શકાશે :**

**'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા**

**Ankur Special School for Mentally Retarded Children**

**Bank Name : State Bank of India, Sardarnagar Branch, Bhavnagar.**

**Saving Account No. : 31292832150 IFSC Code : SBIN0060288**




કુદરતની કૃપાથી વંચિત મનોદિવ્યાંગ બાળકોની વ્યથા,
તેના વાલીઓના હૃદયને કોરી ખાતી ચિંતા અને વેદના
પ્રત્યક્ષ નિહાળીને આપને
અનુભૂતિ થશે કે
પરમેશ્વરે આપણને ઘણું દીધુ છે.

**P. G. Hemani & Co.,**
Chartered Accountants

CA

**K. R. Shah,** B.Com., F.C.A., D.I.S.A. (I.C.A.)
**N. D. Vora,** B.Com., F.C.A.

Fax / Phone : (0278)
242 33 79 / 242 60 80
222 14 28
306, Turning Point,
Opp, Takhteshwar Police Chowky
Waghawadi Road,
BHAVNAGAR - 364 001
e-mail: cakrshah@gmail.com

**Late Bhavsar Devchandbhai Muljibhai Talajiya &**
**Late Bhavsar Khamalxmiben Devchandbhai Talajiya**
**"Ankur" Special School For Mentally Retarded Children (Trust)**
**Plot No-1945, Near Working Women's Hostel, Sardarnagar Circle,**
**Bhavnagar – 364002.**

## Auditor's Reports – Year: 2019-2020

We have verified the attached Balance sheet of **'Ankur' Special School for the Mentally Retarded Children Trust, Bhavnagar** as at **31st March, 2020** and also the Income and Expenditure Account for the year ended on that date.

We have also verified the Annual Accounts of the following Section managed by the said Institution.

(1) "Ankur" Special School For the Mentally Retarded Children. (Main Trust)
(2) "Ankur" Special School For the Mentally Retarded Children. (School Section)
(3) "Ankur" Special School For the Mentally Retarded Children. (35AC Project Section)
(4) "Ankur" Special School For the Mentally Retarded Children. (Teachers Training College Section)
(5) "Ankur Special School For the Mentally Retarded Children. (FCRA Section)
(6) Vikas Project Aashay Day Care Center (National Trust)

We have obtained all information and explanation which are necessary for the purpose of audit. In our opinion to the best of our information and according to the explanations given to us, the said accounts are found to be in agreement with the books of accounts of the respective in Institution Sections.

For, **P.G. Hemani** & Co.,
Chartered Accountants

P. G. HEMANI & CO. BHAVNAGAR CHARTERED ACCOUNTANTS

(K.R.Shah)
Partner
M. No. 038971
F.R. No. 103628W

**Date: 20/08/2020**
**Place: Bhavnagar**
**UDIN: 20038971AAAAFO1683**


TEACH ME
SKILLS
DO NOT
TREAT MY
ILLS


I will win
not
Immediately
but
Definitely
Manohar Musicals



હંમેશા મંદિરો - મસ્જિદ મેં વો નહીં રહતા
સુના હૈ બચ્ચોં મેં છુપ કર વો ખેલતા ભી હૈ !



અમે માત્ર
આંસુજ નથી લુછતા...
સ્મિત પણ
આપીએ છીએ...

-અંકુર